RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 241* Date: 28.06.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોનાના કુલ કેસ ૫,૦૯,૯૫૩ને પાર,કુલ મૃત્યુઆંક ૧૫૬૮૫એ પહોંચ્યો

# કોરોના વિસ્ફોટ: ૨૪ કલાકમાં અધધ..૧૮૫૫૨ કેસ, ૩૮૪ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૭

૧ જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટ આપવાની શક્યતા વચ્ચે કોરોના મહામારીએ જાણે કે ભારતમાં અડિંગો જમાવ્યો હોય તેમ એક જ દિવસમાં ૧૮ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અને વધુ ૩૮૪ લોકોના મોત થયા હતા. આજે શનિવારે સવારે ૮ વાગે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં આંકડા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યા હતા. જેના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ હજાર ૫૫૨ કેસ સામે આવ્યા હતા અને વધુ. ૩૮૪ લોકોના મોત થયા હતા. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫,૦૯,૯૫૩ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૯૭ હજાર ૩૮૭ એક્ટિવ કેસ છે. ૨ લાખ ૯૫ હજાર ૮૮૧ લોકો અત્યાર સુધીમાં સાજા થયા છે.જ્યારે મોતનો કુલ આંકડો ૧૫ હજાર ૬૮૫ પર પહોંચ્યો છે. જો સંક્રમણના કેસ આ જ ઝડપથી વધશે તો આગામી સપ્તાહમાં ભારત વિશ્વમાં ત્રીજો સૌથી વધુ સંક્રમિત દેશ બનશે.રોજના જે રીતે કેસો આવી રહ્યાં છે તે જોતાં આવતીકાલે રવિવારના આંકડા સાથે કુલ સંખ્યા સવા પાંચ લાખને પાર થઈ જશે. બીજી તરફ, કોરોનાના જોખમને જોતાં ઝારખંડ સરકારે લોકડાઉન ૩૧ જૂલાઈ સુધી વધારી દીધું છે. બે મહિનાના સખત લોકડાઉન બાદ લોકડાઉન- ૫માં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કાળો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે.

જ્યારે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૨૦ હજાર ૪૭૯ ટેસ્ટ કરાયા છે. સાથે જ ૨૬ જૂન સુધી દેશમાં ૭૯ લાખ ૯૬ હજાર ૭૦૭ લોકોના ટેસ્ટ કરાયા છે.

દરમ્યાન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ટ્વિટ કરીને જણાવ્યું કે, રાજધાનીમાં શનિવારે રેકોર્ડબ્રેક સમાન ૨૧ હજાર ૧૪૪ ટેસ્ટ કરાયા છે. જે એક દિવસમાં સૌથી મોટો આંકડો છે. તેમણે જણાવ્યું કે, અમે ચાર ગણા ટેસ્ટ વધારી રહ્યા છીએ. દિલ્હીમાં હવે ઝડપથી ટેસ્ટીંગ કરાશે અને વધારેમાં વધારે લોકોને આઈસોલેશનમાં રખાશે.

સૂત્રોએ કહ્યું કે, . ચિંતાજનક બાબત એ પણ છે કે દેશમાં સૌથી વધારે ૧ લાખ ૫૨ હજારથી વધુ કેસ ઔદ્યોગિકક્ષેંત્રે નંબર વન એવા મહારાષ્ટ્રમાં જ છે અહીંયા ૭ હજારથી વધુ લોકોના મોત થયા છે. બીજા નંબરે રહેલા દિલ્હીમાં ૭૭ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અહીંયા ૨,૪૯૨ લોકોના કોરોનાના કારણે મોત થયા છે. શુક્રવારે સતત બીજા દિવસે ૧૮ હજારથી વધુ કેસ વધ્યા હતા અને ૧૦ હજાર ૨૪૬ દર્દી સાજા પણ થયા હતા.



બીજી બાજુ અનલોક-૧ એટલે કે જૂન મહિનામાં ૩ લાખથી વધુ દર્દી વધ્યા છે. એક જૂને ૧ લાખ ૯૮ હજાર ૩૭૧ દર્દી હતા. એટલે ક જૂનના ૨૬ દિવસોમાં ૩ લાખ ૧૧ હજાર ૦૯૫ દર્દી વધ્યા અને સંક્રમિતોનો આંકડો પાંચ લાખથી વધુ થઈ ગયો હતો. સારી બાબત એ પણ છે કે ભારતમાં રિકવરી રેટ પણ ઝડપથી વધી રહ્યો છે. આ દરમિયાન રિકવરી રેટમાં પણ ૧૬%નો વધારો થયો છે અને અત્યાર સુધી ૫૮.૨૬%એ પહોંચી ગયો છે.૧ જૂને જ્યારે અનલોક-૧ શરૂ થયું ત્યારે એક્ટિવ કેસ ૯૧ હજાર ૮૧૯ હતા, તો રિકવર કેસની સંખ્યા ૮૭ હજાર ૬૯૨ હતી. એ વખતે બન્ને વચ્ચે અંતર ૪૧૨૭ હતું. ૨૬ જૂને એક્ટિવ કેસ ૧ લાખ ૯૭ હજાર ૭૮૪ અને રિકવર કેસ ૨ લાખ ૯૫ હજાર ૯૧૭ થઈ ગયા હતા. બન્ને વચ્ચે અંતર વધીને ૧ લાખ ૩૨૧ થઈ ગયું હતું. લોકડાઉન અને અનલોક-૧ની સરખામણી કરવામાં આવે તો સૌથી વધારે ૧ લાખ ૩૨૧ દર્દી જૂનમાં સાજા થયા છે. એટલે કે એક્ટિવ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે પણ ગેપ વધી છે.

મહારાષ્ટ્રમાં શુક્રવારે એક જ દિવસમાં સૌથી વધારે ૫૦૨૪ સંક્રમિત દર્દીઓ મળ્યા અને ૧૭૫ લોકોના મોત થયા હતા. મુંબઈમાં ૧૨૯૭ કેસ વધ્યા હતા, અહીંયા હવે ૭૨ હજાર ૨૮૭ દર્દી થઈ ગયા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૫૨ હજાર ૭૬૫ થઈ ગઈ છે, જેમાંથી ૬૫ હજાર ૮૨૯ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૭૧૦૬ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મધ્યપ્રદેશમાં શુક્રવારે ૨૦૩ નવા દર્દી સામે આવ્યા અને ૪ લોકોના મોત થયા હતા. ભોપાલમાં ૩૧ ઈન્દોર અને મુરૈનામાં ૩૬-૩૬ પોઝિટિવ કેસ વધ્યા હતા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૨ હજાર ૭૯૮ થઈ ગઈ છે, જેમાંથી ૨૪૪૮ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૫૪૬ લોકોના મોત થયા છે.

છેલ્લા ૬ દિવસમાં કોરોનાના દર્દીની સંખ્યા ૪ લાખથી વધી ૫ લાખ થઈ છે. ૨૦ જૂનના રોજ સંક્રમિતોની સંખ્યા ૪ લાખને પાર થઈ ગઈ હતી. દેશમાં ૩૦ જાન્યુઆરીના રોજ કોરોનાનો પહેલો કેસ સામે આવ્યો હતો. ત્યારબાદના ૧૧૦ દિવસ એટલે કે ૧૦ મેના રોજ સંખ્યા એક લાખ થઈ હતી. ત્યારબાદ સંક્રમણની ઝડપમાં વેગ આપ્યો અને ફક્ત ૧૫ દિવસમાં આંકડો ૨ લાખને પાર થઈ ગયો. ત્યારબાદ સંક્રમિતોની સંખ્યા ૨ લાખથી વધી ૩ લાખ થવામાં ૧૦ દિવસ લાગ્યા. જ્યારે ૩થી ૪ લાખ કેસ થવામાં ૮ દિવસ અને પછી ૪ લાખથી ૫ લાખ કેસ થવામાં ફક્ત ૬ દિવસનો સમય લાગ્યો છે. તેનો અર્થ એવો થાય છે કે હવે દેશમાં ૬ દિવસે એક લાખ નવા કેસ આવી રહ્યા છે. જો આ પ્રકારની ઝડપ રહેશો તો આગામી સપ્તાહ ભારત રશિયાને પાછળ છોડી ત્રીજા ક્રમનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે.

### ભારતીય નૌસેનાની તાકાતમાં ઉમેરો

## એન્ટિ ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ ‘મારીચ‘ યુદ્ધ કાફલામાં સામેલ

**‘મારીચ‘ એ સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી**




ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતીય નૌસેના દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ પ્રમાણે તેણે સ્વદેશ નિર્મિત અદ્યતન એન્ટી ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ ‘મારીચ‘ને પોતાના કાફલામાં સામેલ કરી છે જે આગળના મોરચાના તમામ યુદ્ધ જહાજ પરથી તાકી શકાશે. આ મિસાઈલ સિસ્ટમ કોઈ પણ જાતના ટોર્પિડો હુમલાને નિષ્ફળ બનાવવામાં નૌસેનાની મદદ કરશે.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા વિકસિત ‘મારીચ‘ પ્રણાલી હુમલો કરનાર ટોર્પિડોને ઓળખીને તેને ભ્રમિત કરવા અને નષ્ટ કરવા સક્ષમ છે. નૌસેનાએ જણાવ્યું કે, નિર્દિષ્ટ નૌસૈન્ય મંચ પર લગાવવામાં આવેલા આ પ્રણાલીના મોડેલે તમામ પ્રાયોગિક મૂલ્યાંકન પરીક્ષણ સફળતાપૂર્વક પાર કર્યું હતું અને નૌસૈન્ય સ્ટાફ માપદંડ આવશ્યકતાઓને અનુરૂપ તમામ વિશેષતા પ્રદર્શનો પર તે ખરી ઉતરી હતી. નૌસેનાના કહેવા પ્રમાણે ‘મારીચ‘ને સામેલ કરવામાં આવે તે સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી છે તથા સરકારની ‘મેક ઈન ઈન્ડિયા‘ પહેલ અને દેશના તકનીક ક્ષેત્રે આત્મનિર્ભર બનાવાના સંકલ્પની દિશામાં એક મોટું પગલું છે. સંરક્ષણ એન્ટરપ્રાઈઝ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા આ વિધ્વંસક પ્રણાલીનું ઉત્પાદન કરવામાં આવશે. અગ્રિમ હરોળના તમામ યુદ્ધ જહાજો પરથી તાકી શકાય તે માટે સક્ષમ અદ્યતન ટોર્પિડો વિધ્વંસક પ્રણાલી મારીચ માટે એક કરાર સુધી પહોંચવાની સાથે આજે ભારતીય નૌસેનાને એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતામાં મોટી સફળતા મળી છે.

### ડો.જોસફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦મી જન્મજયંતિ સમારોહનું ઉદ્ઘાટન ભાષણ કર્યું

## કોરોના સામેની લડાઈમાં અન્ય દેશોની સરખામણીએ ભારતની સ્થિતિ સારી: મોદી

ન્યુ દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ડૉ. જોસેફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦ મી જન્મ જયંતી સમારોહમાં વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન ભાષણ આપ્યુ. ભારત અને વિદેશથી માર થોમા ચર્ચના કેટલાક અનુયાયીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. પોતાના સંબોધનમાં તેમણે કહ્યુ કે દુનિયા અત્યારે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ વિરૂદ્ધ એક મજબૂત લડત લડી રહી છે. કોવિડ-૧૯ માત્ર એક શારીરિક બીમારી નથી કે જે લોકોના જીવન માટે જોખમ છે પરંતુ આ આપણુ ધ્યાન અસ્વસ્થ જીવન-શૈલીઓ તરફ પણ લઈ જાય છે.

વડાપ્રધાને કહ્યુ, આપને એ જાણીને ખુશી થશે કે આપણા કોરોના યોદ્ધાઓની મદદથી ભારત મજબૂતીથી કોવિડ-૧૯ સામે લડી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં કેટલાક લોકોએ ભવિષ્યવાણી કરી હતી કે ભારતમાં વાઈરસનો પ્રભાવ ઘણો ગંભીર હશે. લૉકડાઉનના કારણે સરકાર અને લોકો દ્વારા સંચાલિત લડતની કેટલીક પહેલના કારણે ભારત કેટલાક અન્ય દેશોની તુલનામાં ઘણો સારો છે. ભારતમાં સાજા થવાનો દર વધી રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ, જન આધારિત લડતે અત્યાર સુધી સારા પરિણામ આપ્યા છે પરંતુ શુ આપણે આ મુદ્દે નજરઅંદાજ કરી શકીએ છીએ? બિલકુલ પણ નહીં. આપણે હવે વધારે સાવધાન રહેવાની જરૂર છે.

માસ્ક પહેરવુ, સામાજિક અંતર, બે ગજની દૂરી, ભીડવાળા સ્થળોથી દૂર રહેવુ હજુ પણ જરૂરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારત સરકારે અર્થવ્યવસ્થા સંબંધિત અલ્પકાલિન અને દીર્ઘકાલિન બંને મુદ્દાને સંબોધિત કર્યા છે. સમુદ્રથી અંતરિક્ષ સુધી, ખેતરોથી ફેક્ટરીઓ સુધી, લોકોના અનુકૂળ અને વિકાસના અનુકુળ નિર્ણય લેવામાં આવ્યા છે.



વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે હુ ડૉ. જોસેફને શુભકામનાઓ આપુ છુ અને હુ તેમના લાંબા જીવન અને સર્વશ્રેષ્ઠ સ્વાસ્થ્યની કામના કરૂ છુ. ડૉ. જોસેફ માર થોમાએ આપણા સમાજ અને રાષ્ટ્રના સારા માટે પોતાનુ જીવન સમર્પિત કરી દીધુ. તેઓ વિશેષરીતે ગરીબી હટાવો અને મહિલા સશક્તિકરણને લઈને ઉત્સાહી રહ્યા. માર થોમા ચર્ચ સેન્ટ થૉમસના મહાન આદર્શો, પ્રભુ મસીહના પ્રેરિતોની સાથે નિકટતા સાથે જોડાયેલા છે. ભારત હંમેશાથી કેટલાક સ્ત્રોતોના આધ્યાત્મિક પ્રભાવને લઈને ખુલ્લુ રહ્યુ છે. આ વિનમ્રતાની ભાવનાની સાથે માર થોમા ચર્ચે ભારતીયોના જીવનમાં એક સકારાત્મક અંતર લાવવાનુ કામ કર્યુ છે. તેમણે સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કામ કર્યુ છે.

### જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કનેક્ટિવિટી સુધારવા પાછળ રૂ. ૩૬૬.૮૯ કરોડનો ખર્ચ કરાશે

## ચીન સામે લડવા ભારત સજ્જ, લદ્દાખમાં લગાવાશે ૧૩૪ સેટેલાઈટ ફોન ટર્મિનલ

ન્યુ દિલ્હી,તા.૨૭

લદ્દાખમાં ભારતીય સેના ચીનની દરેક ચાલનો જવાબ આપવા માટે તૈયાર છે. જેથી જો ચીન કોઈ પણ પ્રકારની હરકત કરવાનો પ્રયાસ કરશે તો તેને પાઠ ભણાવી શકાય. ભારતની તૈયારીઓ માત્ર ગોલાબારૂદ અને હથિયારોની તૈનાતીથી જ નથી થઈ રહી.

ભારત હવે લદ્દાખમાં સરહદનાં તમામ વિસ્તારોને કનેક્ટ કરવા, ત્યાં સંચારનાં માધ્યમોને ચુસ્ત-દુરસ્ત કરવામાં જોડાયેલ છે. ભારતની આ મુહિમ પણ સૈન્ય તૈયારી જેવી જ છે. લદ્દાખનાં સીમાવર્તી ગામડાંઓમાં સંચાર સુવિધાને વધારે મજબૂત કરવામાં કેન્દ્ર સરકારે નવો પ્લાન તૈયાર કર્યો છે. સરકારે લદ્દાખમાં ૧૩૪ ડિજિટલ સેટેલાઈટ ફોન ટર્મિનલ સ્થાપિત કરવાની યોજના બનાવવામાં આવી છે.જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કનેક્ટિવિટી પર ૩૩૬.૮૯ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. જો માત્ર લદ્દાખની વાત કરીએ તો તેની પર ૫૭.૪ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. જેનાંથી જમ્મુ-કાશ્મીરનાં પણ અનેક ગામડાંઓમાં લોકો ફોનની સુવિધાનો ફાયદો ઉઠાવી શકશે.

લદ્દાખમાં જે મહત્વપૂર્ણ વિસ્તારોને સેટેલાઈટ ફોન કનેક્શન મળશે, તેમાં ગલવાન ઘાટી, દૌલત બેગ ઓલ્ડી, હૉટ સ્પ્રિંગ્સ, ચુશુલ શામેલ છે. એ તમામ વિસ્તારોને વાસ્તવિક નિયંત્રણ રેખા સાથે જોડાયેલ છે. ગલવાન ઘાટીમાં જ તાજેતરમાં ચીન સાથે સંઘર્ષ થયું હતું. જ્યારે દૌલત બેગ ઓલ્ડીમાં ભારતનું સૈન્ય ઠેકાણું છે. જ્યાં સંચાર વ્યવસ્થાને દુરસ્ત કરવાની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી હતી.

લદ્દાખનાં એજ્ઝિક્યુટિવ કાઉન્સીલર કુનચોર સ્ટાંજીએ જણાવ્યું કે, “ચીને પોતાની સીમામાં ફોન નેટવર્કનો વિસ્તાર કર્યો છે. તેમને ત્યાં નેટવર્કની સ્થિતિ ખૂબ સારી છે. ભારતે પણ આ દિશામાં હવે કામ કરવાનું શરૂ કર્યું છે.

## વડાપ્રધાન મોદી ચૂપ, કોરોના મહામારી વિરુદ્ધ આત્મસમર્પણ કર્યુ : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૭

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી કોરોના મુદ્દે સતત મોદી સરકાર સામે સવાલો કરી રહ્યા છે. લદ્દાખની ગલવાન ખીણમાં ચીન સાથેની હિંસક અથડામણમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા. તે અંગે રાહુલ ગાંધીએ સતત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જવાબ માંગ્યા હતા ત્યારે હવે તેમણે કોરોના વાયરસ સંક્રમણ મામલે સવાલ કર્યા છે. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પાસે કોરોનાનો સામનો કરવા કોઈ યોજના ન હોવાનો આરોપ મુક્યો હતો. રાહુલ ગાંધીએ ટ્વિટમાં લખ્યું હતું કે, ‘કોરોના વાયરસ દેશના નવા વિસ્તારોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારત સરકાર પાસે તેનો સામનો કરવા માટે કોઈ યોજના નથી. વડાપ્રધાન ચૂપ છે. તેમણે મહામારી સામે આત્મસમર્પણ કરી દીધું છે અને તેનો સામનો કરવા મનાઈ કરી દીધી છે.‘ રાહુલ ગાંધીએ કોરોના વાઈરસના મુદ્દે મોદી સરકાર પર એવા સમયે નિશાન સાધ્યુ જ્યારે દેશમાં સંક્રમિત દર્દીઓનો આંકડો પાંચ લાખથી વધારે થઈ ચૂક્યો છે. બીજી તરફ વડાપ્રધાન મોદી કહી ચૂક્યા છે કે ખબર નહીં આ બીમારીમાંથી ક્યારે છુટકારો મળશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૦૭૭૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૭૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૨૪૧૭**

## તંત્રી સ્થાનેથી...

# ચીનની દગાખોરીને કારણે પડોશી દેશો સાથે ભ્રાતૃ ભાવના ભુલવી પડશે કે શું.....?!

દુનિયામાં દુષ્ટ માનવી તેની દુષ્ટતા છોડતો નથી, દગાખોર દગાખોરી, લૂંટારો લૂંટગીરી,ચોર ચોરી, માથાભારે દાદાગીરી કરવાનું અને અન્યોનો માલ હડપનારો હડપ કરવાનું ભુલતો નથી...એજ રીતે ચીન તેની વિસ્તારવાદી દુષ્ટતા- બીજા દેશોના પ્રદેશ હડપ કરવાનું અને મિત્ર સાથે મિત્રતા નો દેખાડો રાખી મિત્રના પીઠમાં મોકો મળતા ખંજર ભોકવાનુ ભુલતો નથી.... ભારત હર હંમેશ વસુધૈવ કુટુંમ્બકમમા માનનારો અને મિત્રો ઉપર ભરોસો રાખનારો દેશ છે. તો પડોશી દેશોને જરૂરી સહાય કરનારો દેશ છે જેનો ચીને ભારતના ભરોષાનો ફાયદો ઉઠાવ્યો છે તેણે એક તરફ ભારત સાથે મિત્રતાનો દેખાડો ચાલુ રાખ્યો.... અને બીજી તરફ તેને ભારતનો અણસાર ન આવે તે પ્રકારે નેપાળને આર્થિક સહાય કરી રાજકીય દાવ ખેલી કરીને પોતાની કહ્યાગરી નેપાળ સરકાર બનાવી દીધી. જ્યારે પાકિસ્તાનને મોટું કરજ આપી સેવક જ બનાવી દીધુ છે. ત્યારે લક્ષદ્વીપમાં વિકાસના કામોને બહાને છ જેટલા દ્વિપો ઉપર કબજો જમાવી દીધો છે. શ્રીલંકાને વિકાસ કાર્યમાં સહાય કરી તેને પણ ભારત સામે આંખો કરતું કરી દીધું છે. ટૂંકમાં ભારત સાથે મિત્રતાનો દેખાડો કરીને ચારે તરફથી ભારતને ઘેરી લીધું છે. પ્રથમ નેપાળને ભારત સાથે સરહદના બહાને ભીડાવી દીધું છે. અને ચીને પોતે ભારત સરહદે ઉબાડીયા કરવાનું શરૂ કરી દઈને ભારતને વાટાઘાટોમાં રાખીને ભારતની સરહદ ચાર સ્થળો પર સૈન્ય તૈનાત કરી દીધુ છે...અને રોડ-રસ્તા, એરપોર્ટ બાંધકામો વધારી દીધા છે... છતાં ભારતે શાંતિ જાળવી વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના જાળવી રાખી વાટાઘાટો ચાલુ રાખી છે. પરંતુ સેટેલાઈટ ઈમેજ જાણ્યા બાદ ભારતે પણ સરહદ પર પોતાના સૈન્યનો જમાવડો કરી દીધો છે. ભારત પાકિસ્તાની આતંકવાદી હુમલાઓથી તંગ છે અને રોજેરોજ કાશ્મીરમાં આતંકવાદી હુમલો થતાં જ રહે છે.આ સમયમાં નેપાળ પણ એક બંધ રિપેર કરવા બાબતે આડોડાઈ કરવા પર ઉતરી આવ્યું છે. જોકે બાંગ્લાદેશ કે શ્રીલંકાએ કોઈ કાંકરીચાળો કર્યો નથી તે ભારત માટે સારું છે. ચીને બ્રહ્મપુત્રા નદીને પોતાની તરફ વાળવા માટે વધુ પ્રયાસો શરૂ કરી દીધા છે અગાઉ ૫૦% નો પ્રવાહ તો વાળી લીધો છે પરંતુ હજુ વધુ જળ પ્રવાહ પોતાની તરફ વાળવા માટેના કાર્યો શરૂ કરી દીધા છે. વિશ્વમાં કોરોના મહામારીએ ભયંકર રૂપ પકડી લીધું છે. જેમાં ભારતમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યા ૫ લાખને પાર થઈ છે તો મૃતાક ૧૬ હજારથી આગળ જઈ રહ્યો છે. અને આવા સમયમાં જ ચીને સરહદે ઉબાડીયુ કર્યુ છે... કારણ કે વિશ્વભરના દેશો કોરોના મહામારી રોકવા માટે જંગ ખેલી રહ્યા છે....!

ચીનની દગાખોરીને કારણે ભારતભરમાં ચીન સામે ભયાનક આક્રોશ ફરી વળ્યો છે. તો ચીન બનાવટોના માલ સામાનનો બહિષ્કાર વધી પડ્યો છે અને કદાચ થોડા સમયમાં જ ચીનને મોટો આર્થિક ફટકો પડી શકે છે....! પરંતુ ભારતનો વિદેશ વેપાર ૭૦૦ મીલીયન ડોલરનો છે ત્યારે ચીનની બનાવટોના બહિષ્કારને લઈને બંદરો ઉપર ચીની માલ સામાનનો ગંજ ખડકાઈ ગયો છે. જોકે તેમાં મોટાભાગે કાચું મટિરિયલ છે અને એ કારણે મોટો ફટકો મોબાઈલ,ટીવી,લેપટોપ ઉત્પાદકોને પડ્યો છે. અને તેમાં પણ અમેરિકાની ૫૦ જેટલી કંપનીઓ ભારતમાં છે તેનો સમાવેશ થાય છે. એટલે કેન્દ્ર સરકાર પર ઉદ્યોગપતિઓનું દબાણ આવશે કે વિદેશી કંપનીઓનું પણ ભારે દબાણ આવી શકે.....! જેથી ના છૂટકે ચીનના કાચા માલ-મટીરીયલને રોકવો મુશ્કેલ બનશે.....! કારણ માત્ર ઉદ્યોગનેજ નહી પરંતુ માનવ શકિતને પણ મોટી અસર થઈ શકે... ત્યારે ભારત ભવિષ્યમા દેશમાં જ કાચું મટીરીયલ ઉત્પાદન કરવા આયોજન કરવું પડશે. પરંતુ... હવે લોકો પોતે દેશપ્રેમ અને દેશ સાથેની વફાદારીને લઈને માત્ર સ્વદેશી ઉત્પાદનો ખરીદે તો પણ ચાઈનાને મોટો આર્થિક ફટકો પડી શકે છે....ભારતની સરહદી સ્થિતિને લઈને ચીનનું નાક દબાવવા મિત્ર દેશ અમેરિકાએ એશિયામાં જરૂરી દેશો-સ્થળો પર લશ્કર ખડકી દીધું છે તે સાથે લશ્કરી હીલચાલ પણ વધી ગઈ છે. પરંતુ એક વાત ચોક્કસ કે ચીની લશ્કર અને તેના શસ્ત્ર-સરંજામમા ભારતના લશ્કર જેવા નિપુણ નથી..... પરંતુ ભારતને અત્યારે યુદ્ધ કરવું પરવડે તેમ નથી.... છતાંય આવી પડે તો ચીનને મોટો ફટકો પડશે જ.... પરંતુ હવે ભારતે કુટ નીતિ થકી નેપાળ અને પાકિસ્તાનને આકરો પાઠ તો ભણાવવો જ પડશે તે હકીકત છે.....! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૮/૦૬/૨૦૨૦, રવિવાર, અષાઢ સુદ-૮
સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૪૦થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૦ સુધી, ૧૪-૩૧થી શુભ-૧૬-૧૨ સુધી, ૧૯-૩૪ થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૧૪ થી ૧૦-૩૬ સુધી, ૧૧-૪૩ થી ૧૨-૫૦ સુધી, ૧૫-૦૫ થી ૧૮-૨૬ સુધી, ૧૯-૩૪ થી ૨૦-૨૬ સુધી |

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ તાલુકામાં વરસાદ

# રાજ્યમાં આગામી ૫ દિવસ માટે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં ધીમે-ધીમે ચોમાસાની શરૂઆત થઈ રહી છે. જૂન મહિનામાં સમગ્ર રાજ્યમાં સરેરાશ ૧૧૮.૩૩ એમએમ વરસાદ થયો છે. જો ટકાવારી પ્રમાણે જોવામાં આવે તો રાજ્યમાં અત્યાર સુધી ૧૪.૨૪ ટકા વરસાદ થયો છે. તો અત્યાર સુધી એક તાલુકામાં વરસાદ થયો નથી. તો છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૯ જિલ્લાના ૨૯ તાલુકામાં વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં તાપી જિલ્લાના સાતેય તાલુકામાં વરસાદ નોંધાયો છે. સોનગઢમાં સૌથી વધુ ઢી ઈંચ વરસાદ પડ્યો છે, તો નીઝરમાં બે ઈંચ જેટલો વરસાદ થયો છે. આ સિવાય ડોલવાનમાં ૨૦ મીમી અને કુકામુંડામાં ૧૫



મીમી વરસાદ થયો છે. તો ડાંગના સુબિરમાં એક ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યમાં હજુ સુધી ચોમાસાનો માહોલ જામ્યો નથી. જૂન મહિનામાં રાજ્યના વિવિધ જિલ્લામાં મેઘરાજાનું આગમન થઈ ચુક્યું છે. રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો ૧૪.૨૪ ટકા વરસાદ પડ્યો છે. જો સરેરાશ વરસાદની વાત કરવામાં આવે તો અત્યાર સુધી ૧૧૮.૩૩ મીમી વરસાદ થયો છે. ગુજરાતના ૨૫૧ તાલુકામાંથી એક તાલુકો બાકી છે જ્યાં અત્યાર સુધી મેઘરાજાની પધરામણી થઈ નથી.

રાજ્યમાં આગામી ૫ દિવસ માટે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જ્યારે ૨૯ અને ૩૦ જૂને રાજ્યનાં અમુક જિલ્લાઓમાં ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭ જિલ્લામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ તાપી જિલ્લામાં નોંધાયો હતો. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓ વરસાદ વગર કારોધાકોર રહ્યા હતા. હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. અને ૨૯ અને ૩૦ જૂને ભારે વરસાદની આગાહી કરી છે. વલસાડ, નવસારી ,ભાવનગર, દીવ-દાદરાનગર હવેલી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો આણંદ, ખેડા, દાહોદ, પંચમહાલ, રાજકોટ, બોટાદ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છમાં વરસાદની આગાહી કરી છે. ૩૦ જૂનના અમદાવાદ,મહીસાગરમાં પણ વરસાદની આગાહી કરી છે. તો આજે અમદાવાદમાં મધ્યથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

# મહેસાણામાં પશુસેવા માટે બે કરુણા એનિમલ વેનનો કરાયો શુભારંભ

મહેસાણા,તા.૨૭

કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ તેમજ ૧૦૮ ના સફળ અનુભવને લઈને સરકાર દ્વારા ૦૧ ગામ દીઠ ૦૧ મોબાઈલ પશુ દવાખાના યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મોબાઈલ પશુ દવાખાના નિયત કરેલ ગામોમાં નિશુલ્ક સારવાર ઘર બેઠા આપવામાં આવશે. જિલ્લામાં ૩૬૫ દિવસ સવારે ૭ કલાકથી સાંજે ૭ કલાક દરમિયાન પશુપાલકોને આ સેવા ઘરબેઠા ઉપલ્બધ બની છે. આ અંગેનું મોનીટરીંગ મુખ્યપ્રધાન ડેસ્કબોર્ડ સહિત વવિધ સ્તરે પણ થનાર છે. સરકાર દ્વારા આ યોજના અંતર્ગત રૂ. ૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય..દક્ષિણીએ જણાવ્યું હતું કે,મહેસાણા જિલ્લાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. પશુપાલન થકી મહેસાણા જિલ્લો વિકાસના આયામ સર કરી રહ્યો છે. ત્યારે જિલ્લામાં પશુઓને સમયસર સારવાર અને આરોગ્ય રક્ષણ મળી રહે તે માટે સરકાર કટિબધ્ધ બની છે. મહેસાણા જિલ્લામાં ૧૦ ગામ દીઠ મોબાઇલ પશુ દવાખાનાના અભિનવ પ્રયોગ અન્વયે જિલ્લામાં ૦૨ પશુ મોબાઈલ દવાખાનાનું પ્રસ્થાન કરાવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાની પશુ સંપદા-સમૃદ્ધિને અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ઊદ્યોગો સાથે પશુપાલન-ખેતીનુ પણ વિશેષ મહત્વ ગણાવ્યું છે.

મહેસાણા જિલ્લો શ્વેતક્રાંતિ – હરિતક્રાંતિમાં અગ્રેસર છે. ત્યારે જિલ્લાને પશુ મોબાઈલ દવાખાના મળતાં પશુપાલકોને વિશેષ લાભ થનાર છે. મહેસાણા જિલ્લા પંચાયત ખાતેથી બે મોબાઈલ પશુ દવાખાનાને લીલી ઝંડી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અપાઈ હતી. સતલાસાણા અને કમાલપુર ગામના રૂટ સાથે બે પશુ દવાખાનાએ અભિનવ અભિયાનનો પ્રારંભ થયો હતો.જિલ્લા વિકાસ અધિકારી સાથે નાયબ પશુપાલન નિયામક સહિત જી.વી.કેના પ્રોગ્રામ મેનેજર જોડાયા હતા.

# સુરતની કોવિડ હોસ્પિટલ પર રખાશે બાજ નજર, ૩૦ સીસીટીવી લગાવાયા

સુરત,તા.૨૭

ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોની સંખ્યા ૩૦ હજારને પાર પહોંચી ગઈ છે. હવે અમદાવાદ બાદ અચાનક સુરતમાં કોરોના સંક્રમિતોનો આંકડો સતત વધી રહ્યો છે. અહીં કુલ કેસોની સંખ્યા ૪ હજારને પાર પહોંચી ચુકી છે, તો અત્યાર સુધી ૧૫૧ લોકોના મૃત્યુ પણ થયા છે. આ સાથે કુલ ૨૭૩૨ દર્દીઓ સાજા થયા બાદ તેને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવી છે. છેલ્લા એક સપ્તાહથી સુરતમાં દરરોજ ૧૫૦થી વધુ પોઝિટિવ કેસ સામે આવી રહ્યાં છે. સુરતની કોવિડ હોસ્પિટલમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. સુરતની કોવિડ હોસ્પિટલમાં ૩૦ જેટલા સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. આ કેમેરાથી હોસ્પિટલની સમગ્ર કાર્યવાહી પર નજર રાખવામાં આવશે. મહત્વનું છે કે, સુરતની કોવિડ હોસ્પિટલમાં યોગ્ય સારવાર ન મળવાની અનેક ફરિયાદો સામે આવી હતી. આ કેમેરાને મુખ્યમંત્રીની ઓફિસ સાથે પણ કનેક્ટ કરવામાં આવશે. ક્રિટિકલ, સેમી ક્રિટિકલ, આઈસીયૂ સહિતના વિભાગોમાં કેમેરા લગાડવામાં આવ્યા છે. શહેરમાં સતત વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે સુરત કાપડ માર્કેટ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરની બેઠક બાદ શનિ-રવિ કાપડ માર્કેટ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# સામાન્ય અને મધ્યમ બ્લાઈન્ડ નાગરિકને મળશે ડ્રાઈવિંગ લાયસન્સ

અમદાવાદ,તા.૨૭

હવે સામાન્ય તથા મધ્યમ બ્લાઇન્ડ લોકોને માટે પણ ડ્રાઈવિંગ લાયસન્સ મેળવી શકાશે. કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે શુક્રવારે આ વિશે મોટર વાહન નિયમોમાં સંશોધન માટે જરૂરી સૂચના જાહેર કરી છે.મંત્રાલયે કહ્યું કે દુનિયાના અન્ય ભાગમાં પણ તેની પરમિશન આપવામાં આવશે. મંત્રાલયે આ નિવેદનમાં કહ્યું છે કે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે કેન્દ્રીય મોટર વાહન નિયમ ૧૯૮૯ના ફોર્મ-૧ અને ફોર્મ-૧એમાં સંશોધનને માટે અધિસૂચના જાહેર કરી છે.

# અમદાવાદમાં એક જ વર્ષમાં ગુજરાતી મીડિયમની ૨૫ સ્કૂલોને વાગ્યા તાળાં



અમદાવાદ,તા.૨૭

નિષ્ણાંતો દ્વારા સતત માતૃભાષામાં શિક્ષણ અંગે અનેકવાર કહેવા અને સરકાર દ્વારા પણ માતૃભાષાના જતન માટે અનેક પ્રયાસો છતા ગુજરાતી તરફનું વળગણ ધીરે ધીરે ઓછું થઈ રહ્યું છે. જેનું પરિણામ છે આજે કોઈ માતા-પિતા પોતાના બાળકોને ગુજરાતી શાળામાં બેસાડવા માટે તૈયાર નથી. માતૃભાષાની જાળવણીને આપણે અનેક બુલબાંગો મારીએ પણ જો બાળક પોતાની માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ જ નહીં મેળવતું હોય તો તેને આ ભાષા તરફ ક્યારેય લગાવ નહીં રહે. એટલે આજે ગુજરાતી માધ્યમની સ્કૂલો ટપોટપ બંધ થઈ રહી છે અને જો કોઈ શરું છે તો તે બંધ થવાના વાંકે ચાલી રહી છે. આવી સ્કૂલો એવા જ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે જેમના માટે અંગ્રેજી માધ્યમના શિક્ષણનો ખર્ચ પોષાય તેમ નથી આ એક વરવી અને કડવી વાસ્તવિક્તા છે. આંકડાની સાક્ષીએ જોઈએ તો અમદાવાદ શહેરમાં એક વર્ષમાં જ ૨૫ જેટલી સ્કૂલો વિદ્યાર્થીઓ ન મળવાના લીધે બંધ થઈ હોવાનું સામે આવ્યું છે.મોટાભાગની સ્કૂલો વિદ્યાર્થીઓના અભાવે ખર્ચ ભોગવી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી બોર્ડ સમક્ષ સામે ચાલીને સ્કૂલ બંધ કરવા માટે રજૂઆત કરતી હોય છે અને તેના આધારે બોર્ડ સ્કૂલો બંધ કરવાની મંજુરી આપે છે. શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની મળી ૨૫ જેટલી સ્કૂલો વિદ્યાર્થીઓ ન મળવાના લીધે બંધ થઈ છે. જેમાં મોટાભાગની ગુજરાતી માધ્યમની સ્કૂલો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેરમાં આવેલી સ્કૂલો પૈકી ઘણી સ્કૂલોને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ ન મળવાના લીધે તેમને સ્કૂલ ચલાવવી અઘરી પડે છે. શિક્ષકોના પગાર અને સ્કૂલોના ખર્ચની સામે ફીની પુરતી આવક ન થવાના લીધે આવી સ્કૂલો દ્વારા શિક્ષણ બોર્ડ સમક્ષ સામેથી અરજી કરી સ્કૂલ બંધ કરવા માટે જણાવવામાં આવે છે.

# સુરતમાં ફ્લેટનાં સાતમા માળેથી વેપારીને ત્યાંથી રૂ.૨૬ લાખની ચોરી, ચોર ફરાર

સુરત,તા.૨૭

કોરોના વાઈરસ લૉકડાઉન પુરું થતાની સાથે જાણે સુરતમાં તસ્કારોને મઝા પડી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. કારણકે સુરતના સૌથી પોઝ ગણાતા એવા સિટીલાઈટ વિત્તારમાં એકજ અઠવાડિયામાં બીજી મોટી ચોરીની ઘટના સામે આવી છે. રાત્રિ દરમ્યાનના કર્ફ્યૂનો કડક અમલ કરાવવા રોડ પર ઠેર-ઠેર પોલીસ હોવા છતા શહેરમાં સક્રિય તસ્કર ટોળકીએ સિટીલાઈટ વિસ્તારના મેઘસર્મન એપાર્ટમેન્ટમાં ચોરી કરી છે. પ્લાયવુડ વેપારી પરિવાર નિંદ્રાધીન હતા ત્યારે ફલેટને નિશાન બનાવી રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૨૬ લાખની મત્તા તફડાવીને રવાના થઇ ગયા હતા. સુરતના પોઝ એવા સિલીલાઈટ વિસ્તરમાં એક અઠવાડિયામાં પહેલા લાખોની ચોરીના આરોપી પોલીસ પકડી શકી નથી. ત્યાં તો બીજીર ૬ લાખની ચોરી સામે આવી છે. સુરતના ભટાર રોડ સ્થિત આર્શીવાદ કોમ્પ્લેક્ષમાં ગરોડીયા પ્લાયવુડ એન્ડ લેમિનેટ્સ નામે દુકાન ધરાવતા અનિલ નંદલાલ ગરોડીયા સિટીલાઈટ રોડ તેરાપંથ ભવનની બાજુમાં મેઘસર્મન એપાર્ટમેન્ટમાં ફલેટ ટાવર નં. ૨ ના સાતમા માળે બી-૭ માં રહે છે. અનિલને સંતાનમાં બે પુત્ર પૈકી એક આયુશ બેંગ્લોરમાં રહે છે. જયારે બીજા પુત્ર અનુજ તથા પત્ની રૂચી સાથે રાત્રે જમ્યા બાદ ૧૧ વાગ્યા સુધી ટીવી જોયા પછી સુઇ ગયા હતા. દરમ્યાનમાં સવારના ૩.૪૫ વાગ્યાના અરસામાં વેપારીની પત્ની રૂચીબેન વોશરૂમ જવા માટે પોતાના બેડરૂમમાં ગયા હતા અને લાઈટ ચાલુ કરી હતી. લાઈટ ચાલુ કરતા વેંત બેડરૂમના કબાટ ખુલ્લા હતા અને સરસામાન વેરવિખેર હાલતમાં જોઈ બુમાબુમ કરતા અનિલભાઈ પણ દોડી ગયા હતા અને પુત્ર અનુજ પણ તેના બેડરૂમમાંથી દોડી આવ્યો હતો.

# તાપીમાં મેઘાની ધમાકેદાર બેટિંગ, ૭ જિલ્લાઓમાં નોંધપાત્ર વરસાદ

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭ જિલ્લામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ તાપી જિલ્લામાં નોંધાયો હતો. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓ વરસાદ વગર કારોધાકોર રહ્યા હતા. બપોરે પડતી ગરમીને પગલે ઉકળાટ વધી રહ્યો છે જેના કારણે રાજ્યની પ્રજા પરેશાન છે. મેઘાવી માહોલ છતાં વાદળાઓ વરસતા નથી અને અમી છાંટણા કરીને અન્ય જિલ્લામાં વરસાદ વરસતો નથી તેના કારણે સતત ઉકળાટમાં વધારો થતાં લોકો પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭ જિલ્લામાં વરસાદ માહોલ જોવા મળ્યો હતો. દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. જિલ્લાના સોનગઢમાં અઢી ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે તાપીના જ નિઝરમાં ૨ ઈંચ, દોલવણમાં ૨૦ મિમિ, કુંકરમુંડામાં ૧૫ મિમિ, વ્યારામાં ૪ મિમિ, ઉચ્છલ અને વાલોદમાં ૩ મિમિ નોંધાયો હતો. ડાંગના સુબીરમાં એક ઈંચ, નર્મદાના સાગબારામાં ૨૦ મિમિ, અમરેલીના લાઠીમાં ૧૮ મિમિ, નર્મદાના ડેડિયાપાડામાં ૧૬ મિમિ તેમજ સુરત શહેર, વલસાડના કપરાડા અને ડાંગના આહવામાં ૭ મિમિ વરસાદ નોંધાયો હતો. આજે ૬થી ૮ દરમિયાન માત્ર તાપીના કુકરમુંડામાં ૧ મિમિ વરસાદ નોંધાયો છે.

# સત્તાના નશામાં ચકચૂર ભાજપ પ્રમુખ રોડ ના થવા દેવા અધિકારીઓ પર દબાણ...!!!

ગાંધીનગર,તા.૨૭

સેક્ટર ૬ એના ઈન્ટર્નલ રોડને સ્ટ્રોમ લાઈન ખાવા માટે ભાજપ શહેર પ્રમુખને ઈશારે અને વહીવટ સાથે રોડ ખોદી નંખાયો હતો હતો. ત્યારબાદ વસાહતીઓ મૌખિક લેખિત રજૂઆતો કરી હતી જેના ભાગરૂપે ડેપ્યુટી મેયર સ્થળ પર આવી રોડ કરવાની ખાતરી આપી હતી.

પરંતુ શહેર ભાજપ પ્રમુખ, જે ખુદ આ વિસ્તારમાં રહે છે તે પોતાનો અહમ અને જોહુકમી ચલાવવા માટે, સત્તાના જોરે, મનપાના સબંધિત વિભાગના અધિકારીઓને રોડ ન કરવા માટે દબાણ કરી રહ્યા છે. ત્યારે ખુદ મનપાનું તંત્ર પણ આ બધી હરકતો ને મૂક પ્રેક્ષક તરીકે જોઈ રહ્યું છે.

ગાંધીનગર મનપાનું સમગ્ર તંત્ર જયારે વિસ્તાર વધારવાની કવાયતમાં લાગ્યું છે ત્યારે, મૂળ પાટનગરના શહેરી વિસ્તારની માળખાકીય સુવિધાઓની ઠેરઠેર અવગણના થઈ રહી છે. આવા જ એક તાજા ઉદાહરણમાં, સેક્ટર ૬ એ ના પ્રાઈવેટ પ્લોટ વિસ્તારમાં, અણઘડ વહીવટ કરીને, ગત ફેબ્રુઆરી ૨૦૨૦ માં વસાહતીઓને જાણ કર્યા વિના, સેક્ટરનો ઈન્ટર્નલ રોડ, વરસાદી પાણીની સ્ટ્રોમ લાઈન નાખવા ત્રણથી ચાર ફૂટ ઊંડાઈ ખોદવામાં આવ્યો હતો. ત્યાર પછી, આ વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન માં આવ્યું ન હોવા છતાં, કોઈ તંત્ર પ્રસાસન રહેવાસીઓને પડતી અગવડ નું નિરાકરણ કરવા માટે સહેજ પણ રસ લેતું નથી.

સ્ટ્રોમલાઈન ના પોલાણ અને ખાડાના કારણે ઘરની બહાર નીકળતી વખતે જ પડી જવાના જોખમ રહેલા હોઈ , વસાહતીઓ અનેક મૌખિક અને લેખિત રજૂઆતો કરી ચૂક્યા છે. વરસાદી પાણીના કાદવ-કીચડ ના કારણે, જીવજંતુ ઉપદ્રવ થવાના પણ જોખમ રહેલા છે.

એક બાજુ કોરોના જેવી મહામારીમાં સ્વચ્છતા અને સેનીટાઇઝર ની જાહેરાતો ના ઢોલ વગાડ તું તંત્ર, ખાડા ભૂવાઓના જોખમો અને કાદવ કીચડ થી રોગચાળાના જોખમો સામે આંખ આડા કાન કરે છે. નાના બાળકો ખાડામાં પડી જાય, તો કયા તંત્રને જવાબદાર ગણવું?

આવી મહામારી ના સમયે તંત્ર જયારે લોકોને બહાર ની અવરજવર સીમિત કરવાની સલાહ આપે છે ત્યારે, અન્ય શાકભાજી અને ફળ ની લારી પણ ચાલી ન શકે તેવા ઘરઆંગણ હોય અને અને પ્રજાએ માત્ર મીડિયામાં સારી જાહેરાતો ના ફોટા જ જોવાના?

શું આને ખરેખર સ્માર્ટ સિટી કહેવાય? કે પછી પછી તંત્રને ખાલી કાગળ ઉપર જ સ્માર્ટ સિટીના આંકડા જાહેર કરવામાં રસ છે.

છેલ્લા ચાર મહિનાથી થયેલી આવી ગંભીર સમસ્યા નું, તંત્રાના ડેપ્યુટી મેયર ના અધિકારી સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિની ગંભીરતા થી વાકેફ થયા હોવા છતાં, બંધ પ્રશાસનને પ્રજાના પ્રશ્નોનું નિવારણ કરવામાં કોઈ રસ દેખાતો નથી. આ બાબતે પ્રજામાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે, જેના પડઘા આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં પડે એવું ચોક્કસ લાગે છે.

ખરેખર તો મહાનગરપાલિકા ની સ્થાપના થયેલી થી પ્રજા છેતરાઈ થયેલાનીની લાગણી અનુભવે છે, કેમકે પ્રમાણિક પણે ટેક્સ ભરવા છતાં પણ તંત્ર દ્વારા સગવડ આપવામાં આવતી નથી, આવા સંજોગોમાં આવનારા સમયમાં, વસાહતીઓ સંગઠિત થઈને ન્યાય માટે અવાજ ઉઠાવે એ ઈચ્છનીય છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગઃ ગદ્ય
શીર્ષક : પ્રભાત.

------------------------------------------------------------

શ્રેયા માટે એ રસ્તો હંમેશા રહસ્યમય રહ્યો હતો, બંને બાજુ છવાયેલી વનરાજી..કતારબંધ વૃક્ષો..કોઈ અગમ અગોચર નાદ ગૂંજતો હોય તેમ તેને સાદ કરતાં.

એક દિવસ તેણે મમ્મીને પણ પૂછ્યું ," મમ્મી , આ રસ્તાને પેલે પાર છે શું? "

જાણે વીંછી કરડ્યો હોય તેમ મમ્મી ચોંકી ઉઠી..

હવે એ અબૂધ બાળકીને કેમ સમજાવે કે ત્યાં આખા ગામના ઉતાર અને સરપંચ એવા દુર્જન સિંહનો રંગ મહેલ છે, જ્યાં તે કંઇક કુમળી કળીઓને ચુંથી નાખતો..

સમય જતાં યુવાન બનેલી શ્રેયાને આ વાત સમજતા વાર ન લાગી. એક દિવસ તે દુર્જનની નજર શ્રેયા પર પડી, તેને કેટલાયે પ્રલોભનો આપ્યા અને શ્રેયાને તેના રંગમહેલ પર આવવા મનાવી.

શ્રેયા પણ ચાલી નીકળી ... એ રસ્તે જે રસ્તો હંમેશા તેને બોલાવતો..

એ..એક....રાત વીતી ગઈ....

બીજા દિવસે વહેલી પ્રભાતે તે એ જ રસ્તા પર ચાલી રહી હતી,પોલીસ સમક્ષ આત્મ સમર્પણ કરવા કારણ કે તેણે એ રાક્ષસ...નો નાશ કરી દીધી હતો,તેની આંખોમાં અનેરી ચમક હતી,

પ્રભાતનો સૂર્ય તેના વધામણાં કરતો હતો.

શ્રદ્ધા ભટ્ટ...વાપી

------------------------------------------------------------

વિભાગ -ગદ્ય
શીર્ષક-"મક્કમ નિર્ધાર"

આજ તો સમીરે હેવાનિયતની હદ પાર કરી દીધી હતી. બિઝનેસ મીટીંગના બહાને કંપનીની સેક્રેટરી સાથે(ફાર્મહાઉસમાં) રંગરેલીયા મનાવતો રંગે હાથે પકડાયો હતો. (ઘણાં સમય થયા સમીરના વર્તન અંગે સુહાનીને સમાચાર તો મળતાં હતાં અને પોતે અનુભવતી પણ હતી)

પોતાની ભૂલ સ્વીકારવાને બદલે મારા પર આક્ષેપ? ફૂડ એન્ડ ન્યુટ્રીશન સાથે મેં કરેલું હોમસાયન્સનું ભણતર એ ઘરેલુ ભણતર? એનાં, ગુના છાવરવાની બદલે પ્રતિકાર કર્યો તો હું મિડલ ક્લાસ મેન્ટાલિટી? નથી બનવું મારે મોટી કંપનીના માલિકની પત્ની કે જેને હંમેશા પતિની આવી હરકતો સહન કરી બહાર સુખી હોવાનું નાટક કરવું પડે.

બસ હવે બહુ થયું ઘણા વર્ષો સહન કર્યું. સુખી હોવાનું નાટક કરી કરીને હું થાકી, આજે તો આ બે કામ પાર પાડવા જ છે. એક તો વકીલને મળી છૂટાછેડાની કાર્યવાહી કરવી અને બીજું સારા એરિયામાં નાનકડી જગ્યા શોધી ફૂડ-પાર્લર ચાલુ કરવા માટે લોનની પ્રોસીઝર માટે પણ વિચારવું અને તેને દેખાડી દઉં કે ઘરેલુ ભણતરની શું કિંમત છે. ભૂલી ગયો? તારા બિઝનેસની દરેક મીટીંગમાં મારાં બનાવેલા ફૂડના કેટલાં વખાણ થતાં? હવે તો એ મારાં સ્વાભિમાન અને જીવનનિર્વાહનો આધાર બનશે માટે ક્યાંય બાંધછોડ થોડી કરીશ?

આમ, વિચારી ધીમા પગલે મક્કમ નિર્ધાર સાથે ફાર્મહાઉસની બહાર નીકળેલી સુહાનીના નિર્ણયને, જાણે બંને બાજુ હાર બંધ ઉભેલા વાંસના વૃક્ષોએ પણ વધાવ્યો હોય એવું લાગી રહ્યું હતું.

પૂજા(અલકા)કાનાણી.મીઠાપુર.

------------------------------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
વિભાગ- ગદ્ય
ટાસ્કઃ ચિત્ર પરથી રચના
શીર્ષકઃ મિશન- પ્રકૃતિ

પ્રકૃતિનને પાંચ વર્ષ પુરા થયા એટલે છઠ્ઠા વર્ષે ગામની શાળામાં પ્રવેશ માટે આકાશભાઈ લઈ ગયા. શાળાને પાંચ છોડ ભેટ આપતા કહ્યું કે," દર વર્ષે મારી પ્રકૃતિએ એક છોડ વાવેલ છે. હાલ આપની શાળાને પાંચ છોડ ભેટ આપું છું."

આ વાત સાંભળી આચાર્ય સાહેબને ખૂબ જ આનંદ થયો. આકાશભાઈનાં મિશન પ્રકૃતિ અંતર્ગત પ્રિન્સિપાલે છોડ ભેટ આપ્યો. આમ, છઠ્ઠા વર્ષે છ છોડ.... સાતમું વર્ષે સાત.. આઠ વર્ષ...ચૌદ વર્ષની પ્રકૃતિ થતાં શાળામાં દરેક જાતનાં વૃક્ષો મોટા થઈ ગયા હતા.

શાળા આજે રણમાંથી જાણે કે એક બગીચો ખીલી ગયો હોય.

ધીમે ધીમે પ્રકૃતિ મોટી થતાં ભણી-ગણીને કોલેજ કરીને જી.પી.એસ.સીની પરીક્ષા પાસ કરીને પોતાના જ તાલુકામાં મામલતદાર તરીકેની નોકરી મળે છે. ત્યાં આ જ પ્રમાણે પ્રકૃતિ દર જન્મદિવસે તેની ઉંમર મુજબ વૃક્ષારોપણ કરતી અને બીજા છોડ દાનમાં લેતી. આ વાત આખા તાલુકામાં પ્રસરી ગઇ. પ્રકૃતિનાં મિશનને સૌ લોકોએ ઉત્સાહભેર ઉપાડી લીધું. પોતાના તાલુકાનાં રણપ્રદેશમાં બે લાખ વૃક્ષો વાવીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. તેની કામગીરીને જોઈને તેને જિલ્લામાં અને પછી રાજ્યમાં મૂકવામાં આવી.

રાજ્યમાં એવી જગ્યાએ મૂકવામાં આવી કે જ્યાં વૃક્ષો તો હતા. પણ કપાતા ઘણા, લોકોને વૃક્ષો પ્રત્યે પ્રેમ ન હોતો. ત્યાં વૃક્ષો એક આવકનું સાધન થઈ ગયું હતું. પ્રકૃતિએ ત્યાં જઈને લોકોને સમજાવ્યા મિટીંગો, સંમેલનો ,નાટકો, ભવાઈ કરી ચોપાનિયા ,પેપરોમાં ,સમાચાર, ટીવી, રેડિયોમા તથા દરેક ગામની શાળાઓમાં ,પંચાયતની કચેરીઓમાં, જાહેર સરકારી કચેરીઓમાં વૃક્ષો વાવો ને ઈનામ મેળવવાની તથા મિશનની વાત સમજાવી.

આમ ધીમે ધીમે ત્રણ વર્ષ પછી એ જગ્યા નંદનવન થઈ ગઈ. લોકો વૃક્ષને આવકનું સાધન માનતા હતા .પરંતુ કાપીને નહીં ,પરંતુ એનું જતન કરીને.

?? 'મન'
મનોજકુમાર પંચાલ...પાલનપુર

------------------------------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ
૧)શીર્ષક-સન્નાટા
ડો નિષાદ ઓઝા "અમન"
૨)ઋશીર્ષક - પ્રકૃતિ -વાંસ- સમર્પણ વૈશાલી મહેતા
૩)શીર્ષક -સફર કૌમુદી સોની
૪)શીર્ષક -એકાંતમાં દીપકસિંહ સોલંકી"દીપ"

ગદ્ય વિભાગ
૧)ઋશીર્ષક -પ્રભાત શ્રધ્ધા ભટ્ટ
૨)ઋશીર્ષક -મક્કમ નિર્ધાર પૂજા (અલકા)કાનાણી
૩)શીર્ષક -મિશન-પ્રકૃતિ મનોજ પંચાલ"મન"

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ.

ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા, નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા
ગ્રાફિક્સ,ડીઝાઇન : પ્રણવ ઝાંખર

# સિદ્ધપુર કોરોના દર્દીનાં રહેઠાણનાં મામલે શહેરીજનો અવઢવમાં મૂકાયા

ધ્રુવ દવે .સિદ્ધપુર

જિલ્લાનાં નવા પાંચ કોરોના કેસની વિગતના પત્રકમાં સિદ્ધપુરનાં કોરોના કેસનાં સરનામાં વાળો વિસ્તાર નવા ટાવર નજીક ક્યાંય આવેલો ના હોવાથી શહેરીજનોમાં આ કેસ ખરેખર કયા વિસ્તારનો છે તે જાણવાની તાલાવેલી વધી જવા પામી હતી.

સિદ્ધપુરમાં નવા ટાવર વિસ્તારમાં ગણેશનગર નામથી કોઈ વિસ્તાર ઓળખાતો નથી પરંતુ ખરેખર મહાકાળી મંદિર પાસે આવેલા ગણપતિ ચોકમાં રહેતા ૪૯ વર્ષિય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.આ આધેડ વયનાં પુરુષ દર્દી ખાનગી સિક્યોરીટી એજન્સી અંતર્ગત જડીયાવીર વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડા શાખામાં સિક્યોરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેઓને ગત ૨૪મી ના રોજ તાવ અને ખાંસીની તકલિફ હોવાથી સિવિલમાં સારવાર લીધી હતી.જ્યા તેમનામાં કોરોના નાં શંકાસ્પદ લક્ષણો જણાતા ધારપુર ખસેડાયા હતા.જો કે શહેરમાં તો ગત ૨૪મી થી આ દર્દીને કોરોના થયાની વાતો વહેતી થઈ હતી.પરંતુ આજરોજ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતા આ વિસ્તારનાં રહીશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.સિદ્ધપુર શહેરનાં પૂર્વ વિસ્તારમાં વિધિવત રીતે નોંધાયેલ આ પ્રથમ કેસ ગણી શકાય.આજરોજ પોઝિટીવ આવેલ દર્દી કોના સંપર્કમાં આવ્યાથી સંક્રમિત થયા છે તેની સઘન શોધખોળ આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવે અને તે ચેનલને અટકાવવાનુ કાર્ય સત્વરે હાથ ધરાય તે જરુરી છે.આ અગાઉ સિદ્ધપુરનાં પશ્ચિમ વિસ્તાર નાં આઈઓસી(તાવડીયા ચાર રસ્તા)સર્કલ પાસેની તમન્ના સોસાયટીમાંથી બે તેમજ તાહેરપુરા વિસ્તાર માંથી એક એમ ત્રણ પુરુષ ને કોરોના થવા પામ્યો હતો. જે પૈકી જિલ્લાનાં પ્રથમ કોરોના દર્દી એવા ૪૭ વર્ષિય લુકમાન અરોડીયાનુ મોત નિપજ્યુ હતુ જ્યારે અન્ય બે દર્દીઓ જે તે વખતે સાજા થઈ જતા ડીસ્ચાર્જ કરાયા હતાં. આજરોજ કોરોના પોઝિટીવ થયેલા દર્દીનાં ઘરનાં ૭ લોકોને હાઈ રિસ્કમાં સમાવી તેમની સઘન ચકાસણી કરી તમામ ને હોમ ક્વોરન્ટાઈન કરાયા છે.ઉપરાંત દર્દી નાં રહેઠાંણ આજુ-બાજુ નાં આઠ થી દસ ઘરના વિસ્તારને માઈક્રો કંન્ટેન્ટમેંટ ઝોન જાહેર કરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.અર્બન સેન્ટર અને આરોગ્યનાં કર્મીઓની ટિમ દ્વારા સર્વેલન્સ સહિતની કામગીરી કરવામાં આવી છે.બેંક ઓફ બરોડાની શાખા ને તકેદારીના ભાગરૂપે સ્પેશિયલ ટિમ દ્વારા સેનેટાઈઝ કરવામાં આવશે તેમજ સોમવારથી ગાઈડલાઈન નાં ચુસ્ત અમલ મુજબ બેંકનુ કામકાજ રાબેતામુજબ ચાલુ રખાશે તેવુ બેંક ઓફ બરોડાનાં સૂત્રો એ જણાવ્યુ હતુ.આ દર્દી બેંકનાં ગેટ ઉપર ડ્યુટી બજાવે છે તેમ છતાંય તકેદારીના ભાગરૂપે બેંકમાં ફરજ બજાવતા ૨૦ ઉપરાંત નાં કર્મચારીઓને લો રિસ્ક હેઠળ આવરી લેવાયા હોવાનુ તાલુકા હેલ્થ ઓફિસર આર.ડી. નાયકે જણાવ્યુ હતું.

### નાની ઈસરોલ અને માધુપુર ગામે

# ભાજપના જિલ્લા મહામંત્રી શામળભાઈ અને તાલુકા મહામંત્રી રમેશભાઈ પટેલ દ્વારા જનસંપર્ક



મોટી ઈસરોલ, તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ભાજપના તાલુકા અને જિલ્લાના કાર્યકરો દ્વારા જનસંપર્ક કાર્યક્રમો પૂરજોશમાં ચાલી રહ્યા છે.

ગામેગામ આવા કાર્યક્રમો દરેક શક્તિકેન્દ્રો અને તમસમ બુથોને આવરી લઈને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા હાથ ધરાયા છે.જિલ્લા અને તાલુકા તેમજ શહેર વિસ્તારના કાર્યકરો પોતાના વિસ્તારોમાં જઈને ઘરેઘર ફરીને માસ્કનું વિતરણ અને કોરાના મહામારી સામે સાવચેતી વર્તવા જરૂરો માર્ગદર્શન આપીને ણી સોશિઉલ ડિસ્ટરસિંગનું પાલન કરીને જાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરાયા છે,સાથે સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા ૬ વર્ષના ગાળામાં દેશ માટે લેવાયેલ ઐતિહાસિક નિર્ણયો,કાશ્મીરમાં ૩૭૦ ની કલમ હટાવવાના નિર્ણય સહિતના અનેક જનહિતના નિર્ણયો,યોજનાઓ અંગે જનતા સમક્ષ મૂકી હતી

મોડાસા તાલુકામાં આજરોજ રાજલી શક્તિકેન્દ્રમાં જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ અને તાલુકા મહામંત્રી રમેશભાઈ પટેલ નાની ઈસરોલ અને મોટી ઈસરોલ ગામે ઘરેઘર જઈ લોક સંપર્ક કરી માસ્ક વિતરણ અને પ્રધાનમંત્રીના પત્રોનુ વિતરણ કર્યું હતું.આ અગાઉ સરડોઈ,,વરથું અને જીતપુર(મહાદેવગ્રામ)માં પણ ઘરેઘર જઈને જનસંપર્ક કર્યો હતો.

# કરાર આધારિત સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત નિષ્ઠાપૂર્વક કામ કરતા હજારો કર્મચારીઓને કાયમી કરી ન્યાય આપો

મોટી ઈસરોલ, તા.૨૭

ગુજરાતમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત હજારો કર્મચારીઓ કામ કરી રહ્યા છે આ ઉપરાંત મનરેગા અને બીજા આરોગ્યની કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓમાં પણ હજારો કર્મચારીઓ ફિક્સ વેતન અથવા તો કરાર ના ધોરણે ફરજ બજાવે છે .

આ કર્મચારીઓ ૧૦ થી ૧૫ વર્ષથી કામગીરી કરવા છતાં,શૈક્ષણિક લાયકાત હોવા છતાં, સરકારી ધારાધોરણ મુજબ ઈન્ટરવ્યૂ અને પરીક્ષા નિયત પ્રક્રિયામાંથી પસાર થયા હોવા છતાં સરકાર દ્વારા કાયમી કરવા માટે કોઈ પ્રયાસ થયેલા નથી. માટે કર્મચારીઓએ અનેક વખત સરકારશ્રીને વિભાગને રજૂઆતો કરી છે .સરકાર કરાર આધારીત નોકરીઓ કરી રહ્યા છે અને કાયમી થવાનો લાભ તેમને આજ સુધી મળ્યો નથી. અથવા અન્ય કાયમી કર્મચારીઓ જેવા લાભ પણ મળતા નથી .મજદૂર કાયદા મુજબ સરકાર પોતે આ બધાને સ્વીકારી લે તો યોગ્ય ન્યાય મળે એમ છે .

ગુજરાત સરકારે કર્મચારીઓના કિસ્સામાં સરકારે પોતે સ્વીકારી છે કે લેબર કાયદો લાગુ પડે છે. કાયદા ની કલમ ૨૫ અનુસાર નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા અનુસાર ૨૪૦ દિવસ નોકરી કરનાર કામદાર નોકરીમાં કાયમી થવા પાત્ર છે અથવા કર્મચારી કામગીરી કરે તેને કાયમી થવા પાત્ર છે એવું કાયમ લેબર કાયદાની કલમ ૨૫ અનુસાર કર્મચારી પોતાનું શોષણ ન થાય તે માટે તેના અધિકારો આપવા જોઈએ . બંધારણે બક્ષેલા કલમ ૨૧ હેઠળ સારું જીવન જીવવાનો તમામને અધિકાર છે તે કાયદાના ઉલ્લંઘન થાય છે .કર્મચારીઓને શોભે તેવું સરકારે કાયમી થવા માટે યોગ્ય નિર્ણય લઈ શકે તે પ્રકારના પ્રયત્નો થઈ શકે એમ છે .આથી આવા લેબર કાયદા નીચે નામદાર કોર્ટ નો સહારો લે તો કર્મચારીઓ ના નાણાં અને સમય શક્તિ નો વ્યય થાય આ મુજબ કર્મચારીઓ આ બાબતે કોર્ટ માં જાવા બાબતે સક્રિય વિચારણા કરતા હોય તેવું લાગી રહ્યું છે . સરકાર સામે થી જો હકારાત્મક નિર્ણય લે અને આ તમામ કર્મચારીઓને કાયમી કરવા અંગે વિચારણા કરે તો બધાને કોર્ટમાં જવું ના પડે આવા કર્મચારીઓ પોતાના હક્કો માટે સરકાર પાસે આ તમામ કરાર આધારિત કર્મચારીઓ અપેક્ષા રાખી રહ્યા છે.

### કેશોદ હિતરક્ષક સમિતિ દ્વારા સુધરાઈ સત્તાધિશો સમક્ષ રજુઆત કરી

# કેશોદમાં કોરોના મહામારી વચ્ચે મિલકત વેરાની રાહત આપવા માંગ

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન માં ધંધા રોજગાર સતત ત્રણેક મહિના બંધ રહેતા ગરીબ અને મધ્યમવર્ગના લોકો આર્થિક સંકડામણ ભોગવી રહ્યા છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા કેશોદના મિલ્કતધારકો ને મિલ્કત વેરો ભરવામાં રાહત કરી આપવામાં આવે તેવી માંગણી કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવી છે.

કેશોદ નગરપાલિકા વિસ્તારમાં જુદા-જુદા વિસ્તારોમાં અંદાજે ચાલીસ હજાર જેટલી મિલ્કતો આવેલી છે અને કેશોદ નગરપાલિકા દ્વારા સમગ્ર સોરઠમાં સૌથી વધારે વેરા વસુલવામાં આવે છે ત્યારે આ વર્ષે કોરોના ની મહામારી માં શહેરીજનો મુશ્કેલી માં હોય એ સ્વાભાવિક છે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ નાગરિકો ને રાહત આપવામાં આવી છે ત્યારે કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા પણ હકારાત્મક અભિગમ અપનાવીને મિલ્કત વેરામાં ઘટાડો કરી આપવામાં આવે તો શહેરીજનો ને આવનારાં દિવસોમાં આવતાં તહેવારો માં આંશિક ફાયદો થાય. કેશોદ હિતરક્ષક સમિતિ દ્વારા આગાઉ પણ નગરપાલિકા દ્વારા વેરા વધારવાની વહીવટી કામગીરી શરૂ કરવામાં આવેલ ત્યારે જુદા-જુદા વિસ્તારોમાં છાવણી નાખી વાંધા અરજી એકઠી કરીને લાખો રૂપિયા નો આર્થિક ફાયદો કરાવી આપેલ છે. કેશોદ નગરપાલિકા દ્વારા હિસાબી વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ની આકારણી કરીને મિલ્કત ધારકોને હેડે બીલો બનાવી નાખ્યાં હોય ત્યારે કાયદાકીય રીતે સંભવત નથી ત્યારે જુલાઈ મહિનામાં વેરો ભરવામાં આવે તો અમુક ટકા રાહત અને ઓગસ્ટ મહિનામાં વેરો ભરવામાં આવે તો અમુક ટકા રાહત આપવા ની વહીવટી પ્રક્રિયા સર્કયુલેટીગ ઠરાવ પસાર કરીને કરી શકવાની જોગવાઈ છે. આવનારાં દિવસોમાં કેશોદ નગરપાલિકામાં સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે સતાધારી પક્ષના મોવડીઓ નગરપાલિકા નાં પદાધિકારીઓ ને કેશોદના મિલ્કત ધારકોને રાહત આપવા હકારાત્મક અભિગમ અપનાવશે ખરાં...! કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા દ્વારા લેખિતમાં નાયબ કલેકટર, જિલ્લા કલેકટર, પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ અને નિયામક નગરપાલિકાઓ ગાંધીનગર ઉપરાંત સતાધારી પક્ષ અને વિપક્ષ ને પણ જાણ કરી છે.

કેશોદ શહેરમાં આવેલા વિવિધ વેપારી એશોશીએશન અને સામાજિક સંસ્થાઓ ને કેશોદ હિતરક્ષક સમિતિ દ્વારા અપીલ કરી નગરપાલિકા સત્તાધિશો સમક્ષ માંગ કરી જનસમર્થન જાહેર કરવા જણાવ્યું છે. ગુજરાત રાજ્ય માં ઘણીખરી નગરપાલિકા માં હિસાબી વર્ષ નાં પ્રથમ છ મહિનામાં વેરો ભરવામાં આવે તો રાહત આપવામાં આવે છે ત્યારે કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા પણ રાહત આપવામાં આવે તો સ્વભંડોળની આવક પણ વધી જતાં વિકાસનાં કામો માં ગતિ આવશે.

# ફોટો ગેલેરી

## દુકાને બોર્ડ માર્યુ હતુ :

**પતિના મોબાઇલમાંથી ડિલીટ કરેલા મેસેજ પાછા લાવી આપવામાં આવશે**

**પત્નીઓ:**




### ૨૮ જૂન સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે માર્કશીટ મોકલવામાં આવશે

# ૨૯ જૂનથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટનું વિતરણ કરાશે

ગાંધીનગર,તા.૨૭

૧૫ જૂનના રોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું હતું. જેની માર્કશીટ આજે તાલુકાવાર અને સ્કૂલવાર મોકલવામાં આવી છે. આ માર્કશીટનું સમયસર વિતરણ થાય તે માટે મોડામાં મોડું ૨૮ જૂન સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે માર્કશીટ મોકલવામાં આવશે. ત્યાર બાદ ૨૯ જૂનથી માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. તેમજ વિદ્યાર્થીઓને એક સાથે સ્કૂલે બોલાવવામાં આવશે નહીં.માર્કશીટનું વિતરણ સ્કૂલવાર કરવામાં આવશે. કોરોના મહામારીના સંકટને કારણે પરિણામ વિતરણ જિલ્લાના કેન્દ્ર પરથી કરવાનું નથી. પરંતુ તાલુકાવાર કરવાનું છે. જિલ્લા શિક્ષણાધિકારી તાલુકાદીઠ માર્કશીટ મોકલાવશે. તાલુકા કક્ષાએ માર્કશીટના વિતરણની વ્યવસ્થા ગોઠવવી પડશે. માસ્ક,સોશિયલ ડિસ્ટન્સિગ અને સેનેટાઈઝની સુવિધા તથા તાલુકા શાળાઓની સંખ્યા ધ્યાને લઈ ઓછી ભીડ થાય એવી વ્યવસ્થા કરવી પડશે. તેની સાથે સાથે ગરબા, સરઘસ કે ડીજેનું આયોજન ન થાય તેનું પણ ધ્યાન રાખવા વિનંતિ કરી છે.

# ચોમાસાના ચાર મહિનામાં વરસાદના દિવસો હવે ઘટ્યા

અમદાવાદ,તા.૨૭

ગ્લોબલ સ્તર પર તાપમાનમાં વધારો થતા તેની અસર ગુજરાતના હવામાનમાં પણ જોવા મળી રહી છે. ઋતુઓનો ચોક્કસ સમયગાળો બદલાય ગયો છે. ચોમાસાના ચાર મહિનામાં વરસાદના દિવસો હવે ઘટી ગયા છે. બીજી તરફ ક્લાઈમેટ ચેન્જના કારણે અમુક કલાકોમાં જ પૂરની સ્થિતિનું નિર્માણ કરી દે તેવો ભયંકર વરસાદ વરસી રહ્યો છે, તેમ ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના પ્રો.વિમલ મિશ્રાનું કહેવું છે. એમ.એસ.યુનિ. તેમજ ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ વિભાગ દ્વારા 'ક્લાઈમેટ ચેન્જ અને કોવિડ ૧૯ જોખમનું મુલ્યાંકન' વિષય પર વેબિનારનું આયોજન કરાયું હતું. જેમાં પ્રો.વિમલે કહ્યું કે માણસ કુદરતે આપેલા સ્ત્રોતોને પ્રદૂષિત કરી રહ્યો છે.પેટ્રોલ, ડિઝલ અને વીજળીનો વપરાશ વધી રહ્યો છે. જો અત્યારથી જ ક્લાઈમેટ ચેન્જ જેવા ગંભીર વિષય પર ધ્યાન નહીં આપ્યું તો ૨૧મી સદીના અંત સુધીમાં પૃથ્વીનું તાપમાન ૪ ડિગ્રી જેટલું વધી જશે.

**શબ્દો સમજાય અને ન વાગે,**
**એ બહુ જરૂરી છે.**
**સંબંધ સચવાય અને મન ન કચવાય,**
**એ બહુ જરૂરી છે.**
**નીકળી જાઉં હું ગમે**
**તેટલું આગળ સત્યની શોધમાં,**
**સમય રહેતા પાછું વળાય;**
**એ બહુ જરૂરી છે.**
**લંબાઈ માપીને શું કરીશું આ જિંદગીની?**
**દુઃખના દિવસો જલ્દીથી, સુખના ધીરે-ધીરે જાય,**
**એ બહુ જરૂરી છે.**
**અંતે ભળી જવાનું છે રાખમાં એ જાણતો હોવા છતાંય દોડે જાઉં છું, કારણ કે દીપક બુજાય એ પહેલા ઝળહળી જવાય,**
**એ બહુ જરૂરી છે.**
**સંબંધોનું ક્ષેત્રફળ માપવાનું સમીકરણ અલગ પણ હોઈ શકે,**
**લંબાઈ અને પહોળાઈ માપવામાં, ઊંડાઈ વિસરાઈ ન જાય,**
**એ બહુ જરૂરી છે.**
**સંવાદ સર્જાય કે નહિ એ અગત્યનું નથી,**
**એક-મેક ને જોઈ ને આંખો ચમકી જાય,**
**એ બહુ જરૂરી છે.**
**એકરાર થાય- ન થાય, એ મળે- ના મળે,**
**ને છતાંય- શ્વાસમાં હેલો પ્રેમ છલકાય,**
**એ બહુ જરૂરી છે.**
**હસું-રડું, અથડાઉં-પછડાઉં, જાઉં ઉપર કે નીચે પડી જાઉં,**
**અસ્તિત્વ થી અંત સુધી વ્યક્તિએ ઝઝુમતા રહેવું,**
**એ બહુ જરૂરી છે.**
**શબ્દો સમજાય અને ન વાગે,**
**એ બહુ જરૂરી છે.**
**સંબંધ સચવાય અને મન ન કચવાય,**
**એ બહુ જરૂરી છે.??**

### લોકહીત માટે અસરકારક કામગીરી જરૂરી

# કોરોનાના કહેરને નાથવા અરવલ્લી જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેને કલેક્ટરને લખ્યો પત્ર

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કહેરને વહીવટી તંત્ર અને જિલ્લા પંચાયતને ને ભલે ચિંતા ન હોય પણ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચિંતામાં મુકાઈ ગઈ છે. જિલ્લામાં કોરોનાના વધતા કહેરને લઈને આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ .ચિરાગ ઉપાધ્યાએ ચિંતા વ્યક્ત કરી છે. મોડાસા શહેરમાં કોરોનાના કેસ હવે સેન્ચ્યુરી સુધી પહોંચ્યા છે, તો જિલ્લામાં ડબલ સેન્ચ્યુરી પર પહોંચી ગયા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનો મૃત્યુઆંક પણ ૧૪ થી વધીને ૧૮ પર પહોંચ્યો છે, પણ આરોગ્ય વિભાગના પેટનું પાણી નથી હલતું ને વહીવટી તંત્ર હજુ ઊંઘમાંથી જાગતું ન હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં સતત કોરોનાના વધતા કહેરને લઈને વહીવટી તંત્ર શું કરે છે, તે પણ હજુ સુધી બહાર આવતું નથી, તો મીડિયા બ્રિફ કરવાનું પણ ટાળવામાં આવતું હોય તેવું લાગી રહ્યું છે, જ્યાં સુધી લોકો સુધી સાચી માહિતી અને જાણકારી નહીં પહોંચે ત્યાં સુધી લોકોને કોરોનાની ગંભીરતા કેવી રીતે સમજાશે તે પણ એક સવાલ ઉઠી રહ્યો છે.

કોરોનાનો કહેર વધી રહ્યો છે, ત્યારે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ. ચિરાગ ઉપાધ્યાએ જણાવ્યું છે કે, જિલ્લામાં કોરોનાના વધતા કેસને લઈને વહીવટી તંત્ર દ્વારા નિષ્ણાંત તબીબો, ચૂંટાયેલા પ્રતિનિધીઓ, વિવિધ સામાજિક સંગઠનના



આગેવાનો સાથે બેઠક કરવી જોઈએ અને કોરોનાના કહેરને લઈને કોઈ ચોક્કસ એક્શન પ્લાન ઘડવો જોઈએ. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસ બસો થયા છે, અને સૌથી વધારે સ્થિતિ ખરાબ હોય તો તે મોડાસા શહેરને છે. મોડાસા શહેરમાં કોરોનાના પોઝિટિવ કેસ અને મૃત્યુઆંક પણ દિવસેને દિવસે વધી રહ્યો છે. પણ વહીવટી તંત્ર કયા એક્શન પ્લાન પર કામ કરી રહ્યું છે, તે કોઈને સમજાતું નથી. વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને બંધ બારણે એક્શન પ્લાન ઘડવામાં સારૂ લાગતું હોય તેવું પણ લાગી રહ્યું છે.સાહેબ દોડે છે પણ જે સપૉર્ટ ગ્રાઉન્ડ લેવલના અધિકારીનો મળવો જોઈએ તે મળતો ન હોય તો જ આવું શક્ય બની શકે. બાકી તો અરવલ્લી જિલ્લામાં કૉરોનાને લઈને જે કામગીરી કરવામા આવી રહી છે તે કદાચ અસરદાર બની શકી હોત. સાહેબને આંકડાકીય માહિતી પહોંચાડી દેતા ગ્રાઉન્ડ લેવલના અધિકારીઓ જરા ઊંડો વિચાર કરીને અરવલ્લી જિલ્લાની જનતાની ચિંતા કરો, કારણ કે, જાન હૈ તો જહાન હૈ.

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેના કેટલાક કારણો સોશિયલ ડિસ્ટન્સનો અભાવ છે. મોડાસા શહેરની વિવિધ બેંક બહાર ગ્રાહકોની લાંબી કતારો, શાકભાજીની લારીઓ પર વિક્રેતાઓમાં માસ્કનો અભાવ, દુકાનોની બહાર ગ્રાહકોની ભીડ, નાસ્તાની ધમધમતી લારીઓ ભીડ, જનસેવા કેન્દ્રની બહાર અરજદારોમાં સોશિયલ ડિસ્ટેન્સનો અભાવ વગેરે. કોરોનાના વાઈરસના શરૂઆતી કહેર સમયે સોશિયલ ડિસ્ટેન્સનો જોર-શોરથી અમલવારી માટે ભાર મુકવામાં આવતો હતો તે કુંડાળા હવે જોવા નથી મળી રહ્યા.

### ગાંધીનગર કમલમ પ્રદેશ ભાજપ ખાતે

# કોંગ્રેસમાંથી પાંચ રાજીનામું આપેલ ધારાસભ્યોએ ભાજપનો ખેસ જીતુભાઈ વાઘાણીના હાથે પહેર્યો



આજે ગાંધીનગર કમલમ પ્રદેશ ભાજપ ખાતે કોંગ્રેસમાંથી પાંચ રાજીનામું આપેલ ધારાસભ્યોએ ભાજપનો ખેસ જીતુભાઈ વાઘાણી ના હાથે પહેર્યો. હજુ કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો ડાંગના મંગળભાઈ ગામીત ગઢડાના પ્રવીણ મારુ અને લીંબડીના સોમા ગાડા આજે કમલમમાં હાજર રહેલ ન હતા. કોંગ્રેસના વેચાઉ માલને ભાજપે આવકાર્યો તે બાબતે પત્રકારોના પ્રશ્નોના જવાબમાં જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે આ પહેલીવાર નથી ૨૦૧૩માં ૨૦૧૭માં ૧૯મા અને આજે આવી રીતે કોંગ્રેસમાંથી કેટલાય ધારાસભ્યો કોંગ્રેસની રણનીતિ થી ત્રાસીને રાજીનામા આપી ભાજપમાં પ્રવેશ કર્યો છે. કોંગ્રેસથી ટ્રસ્ટ એવા આજે પાંચ ધારાસભ્યો જે રાજીનામા આપ્યા હતા તેમાં મોરબી ના બ્રિજેશ મિર્ઝા ,પ્રદ્યુમનસિંહ જાડેજા અબડાસાના, ધારીના જેવી કાકડિયા અને કરજણના અક્ષય પટેલ,વલસાડ ના જીતુભાઈ ચોધરી હાજર રહ્યા હતા અને ભાજપ માં વિધિવત પ્રવેશ કર્યો હતો.આં સાથે પાંચેય જિલ્લા ના પ્રભારી,પ્રમુખ,મહામંત્રીઓ અને સ્થાનિક ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા તેવી આં પહેલી વાર બન્યું હતું. અન્ય મહાનુભાવો માં કે.સી પટેલ અને મોહનભાઈ કુંડારિયા સાંસદ,દિલીપ સંઘાણી,કે.સી પટેલ પાટણ,ગોરધન ઝડફિયા,પ્રવક્તા ભરત પંડ્યા,પ્રશાંત વાળા તેમજ મહેશ કસ્વાલા હાજર રહ્યા હતા..નવા જોડાયા આં પાંચેય પૂર્વ ધારાસભ્ય પોતાની પ્રતિક્રિયાઓ મીડિયા સમક્ષ રજૂ કરી હતી.પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક વિભાગના મોટાભાગ માં મીડિયા કર્મીઓ હાજર રહ્યા હતા .સાથેસાથે દિનેશ બામણીયા આજે કેટલાક યુવાઓ અને યુવતીઓ સાથે શિક્ષણ ફી માફ કરવા બાબતે બેનરો સાથે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી ને આવેદનપત્ર આપવા આવ્યા હતા જેમને પોલીસ અંદર આવતા અટકાવ્યા હતા..અહેવાલ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક . ગાંધીનગર

### મોડાસાઃ કારમાં આવેલ નાગા બાવાની ગેંગે

# શિક્ષકને આશ્રમનું સરનામુ પૂછી નજીક બોલવી સાધુએ હાથમાં પહેરેલ લકી અને વીંટી ખેંચી લીધી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજયના મોટા શહેરોમાં નંબર પ્લેટ વગરની કારમાં આવી સાધુનો વેશ ધારણ કરીને વહેલી સવારે સરનામું પૂછવાના બહાને સોનાના દાગીના પડાવી લેતી ગેંગનો આતંકના કિસ્સા અનેકવાર બન્યા છે ત્યારે હવે આ ગેંગ નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકોને નિશાન બનાવી રહી છે ત્યારે આ ગેંગની વધુ એક કરતૂત બહાર આવી છે.

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલ ભવાનપુર પાટિયા નજીકથી પસાર એક્ટિવા લઈ પસાર થતા દિવ્યાંગ શિક્ષકને નંબર પ્લેટ વગરની બ્રેઝા કારમાં નાગાબાવાની ગેંગે અટકાવી કાર પાછળ દિગંબર અવસ્થામાં બેઠેલ સંતને આરામ કરવો છે તો નજીકમાં આશ્રમ હોય તો બતાવો કહી કાર નજીક બોલાવી પાછળ બેઠેલ ભભૂતિ ધારી નાગાબાવા જેવા દેખાતા શખ્સે શિક્ષકનાં હાથમાં પહેરેલ સોનાની લકી અને વીંટી ખેંચી લઈ કારમાં ફરાર થઈ જતાં શિક્ષક હોફાળો-ફોફાળો બની ગયો હતો અને કારનો પીછો કરવાનો નિર્થક પ્રયાસ કર્યો હતો આ અંગે શિક્ષકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા તાલુકાની ખુમાપુર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયંતિ ભાઈ રણછોડ ભાઈ પાઠક થોડા દિવસ અગાઉ શાળામાં નોકરી પૂર્ણ થતા એક્ટિવા લઈ પરત મોડાસા ઘરે આવવા નીકળ્યા હતા ત્યારે ભવાનપુર પાટિયા નજીક રાજેન્દ્રનગર તરફથી આવેલી નંબર પ્લેટ વગરની બ્રેઝા કાર તેમની નજીક આવી હતી. જેમાં ડ્રાઈવર, તેની બાજુમાં સાધુના વેશમાં એક શખ્સ અને પાછલી સીટમાં એક શખ્સ એમ ત્રણ શખ્સો બેઠા હતાં. આ સાધુએ કારનો કાચ ઉતારીને નજીકમાં કોઈ આશ્રમ હોય તો જણાવવા માટે કહ્યું હતું. જયંતિ ભાઈ પાઠકે નજીકમાં આશારામ આશ્રમ હોવાનું કહેતા આ સાધુએ તેમને આશ્રમ જવાનો રસ્તો પૂછ્યો હતો. રસ્તો બતાવ્યા બાદ પાછળ બેઠેલા સાધુએ શિક્ષકના હાથમાં પહેરેલી સોનાની લકી અને વીંટી કીં.રૂ.૪૮૦૦૦/- ખેંચી લઈ કાર દોડાવી મુકતા શિક્ષકે એક્ટિવા પર કારનો પીછો કરીને નંબર મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ કાર નંબર પ્લેટ વગરની હોવાનું જાણવા મળ્યું હતું. નાગાબાવાની ગેંગનો શિકાર બનેલા શિક્ષકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા રૂરલ પોલીસે કારમાં સરનામું પૂછી લૂંટ ચલાવનાર ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા-હિંમતનગર રોડ પર અંદાજે એક વર્ષ અગાઉ પણ નંબર પ્લેટ વગરની કારમાં આવેલ નાગાબાવાનું રૂપ ધારણ કરી એક વૃદ્ધને સરનામું પૂછવાને બહાને લૂંટી લીધા હતા ત્યારે હવે આ ગઠિયાઓ અન્ય કોઈ વ્યક્તિને શિકાર બનાવવામાં સફળ થાય છે કે તે પહેલા જ પોલીસના સકંજામાં આવી જાય છે કે નહિ તે જોવું રહ્યું.

### ધાનેરા કોટડા વિસ્તારમાં

# આદિવાસી શાળા પાસે આવેલ ડીપીમાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાત્રે નવ વાગ્યાના સુમારે અચાનક વીજળી ગુલ થતાં આ વિસ્તાર અને વેપારી વાસ,વ્હોરવાડ,બગીચા લાઈન,અને નગરપાલિકા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો .ડીપીમાં ભયંકર આગ લાગી છે તેવી બૂમા બૂમ થતા લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા નગરપાલિકા ને જાણ કરતા ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચ્યો હતો નગરપાલિકાના સિનિયર કર્મચારી રામભાઈ તથા અન્ય કર્મચારી સ્થળ પર પહોંચ્યા હતા વિધુત બોર્ડ ને જાણ કરતા કર્મચારીઓ આવી અને ડીપી ના લગ રિયા ઉતારી અન્ય વિસ્તારમાં વિધુત પ્રવાહ ચાલુ કરવામાં આવેલ. વધુ પડતા વીજ ભાર ને લીધે આ ડીપીમાં અવારનવાર ફોલ્ટ સર્જાયો છે તેની રજૂઆતો આ વિસ્તારના નાગરિકો વિધુત બોર્ડ ધાનેરામાં અવારનવાર કરેલ છે...

જો કે મોડેથી આ ડી.પી. દુરસ્ત કરી વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવેલ. નજીકમાં જ આવેલ ગણપતિજી ના મંદિર પાસે નવીન ડી.પી નાખ્યા ને દોઢ વર્ષ જેવો સમય થઈ ગયો છે છતાં તે જીડીપીમાં કનેક્શન આપીઆ ડીપી નો વીજ ભાર ઓછો કરવા તે ચાલુ કરવામાં કયા ગ્રહ નડે છે

# વંથલીમાં માસ્ક વગર અવરજવર કરતા વાહનચાલકો સામે પોલીસે કરી લાલ આંખ

ભારત સરકાર દ્વારા કોરોના વાયરસને લઈને ૭૦ દિવસ લોકડાઉન બાદ અનલોક એક ની જાહેરાત કરી હતી જેમાં નિયમો ને આધિન મોટાભાગના ધંધા રોજગાર માટે છૂટી આપવામાં આવી છે જેને પગલે વંથલી શહેરમાં લોકોની અવરજવર વધી છે. અને મુખ્ય બજાર તેમજ વિવિધ જગ્યાઓએ લોકોની ભીડ જોવા મળી રહી છે

ત્યારે જિલ્લા કલેકટર દ્વારા પરિપત્ર બહાર પાડી અનલોક એક માં છૂટી આપવાની સાથે માસ્ક ફરજીયાત પહેરવા સૂચન કર્યું હતુ તેમ છતાં ધણા લોકો બજારોમાં માસ્ક વગર ફરતા હોય નિયમોનું સારેઆમ ઉલ્લંઘન કરતા હોય છે જેને લઇ આજરોજ વંથલી પીએસઆઇ બી.કે.ચાવડા એ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી માસ્ક ના પહેરી નિયમનું પાલન ના કરનાર રાહદારીઑ તેમજ વાહનચાલકો સામે લાલ આંખ કરી હતી અને ૨૯ લોકોને નિયમોનો ભંગ કરનારા લોકો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી અને તમામ પાસે ૨૦૦ રૂપિયા લેખે ૫૮૦૦ નો દંડ વસુલવામાં આવ્યો હતો માસ્ક પહેર્યા વગર ઝડપાયેલ તમામને પીએસઆઇ ચાવડા દ્વારા વિનામૂલ્યે માસ્ક આપવામાં આવ્યા હતા

આ કડક કાર્યવાહી ને પગલે વાહનચાલકો અને રાહદારીઑ માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો

તસ્વીર - અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

### ધાનેરા તાલુકાના મગરાવા ગામે

# ૧૦ પશુઓના મોત પશુઓને આપવામાં આવેલ દાણ થી મોત થયુ હોવાની આશંકા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ધાનેરા તાલુકાના મગરાવા ગામે એકજ ખેડુતને એક સાથે ૧૦ પશુઓના મોત થતાં અરેરાટી વ્યાપી જવા પામી છે. આ અંગે તાલુકા પંચાયતમાં જાણ થતાં તાલુકા વિકાસ અધિકારી સહીત બનાસડેરીના ડોક્ટરો ની ટીમ પણ મગરાવા ખાતે પહોચી હતી. અને તપાસ કરવામાં આવતા રાત્રે જે પસુદાણ અને પાપડી પલાળેલ હતી તેમાં કઈક થવાથી તેના ખાવાના કારણે મોત નિપજ્યુ હોવાનુ પ્રથમ તબ્બકે બહાર આવ્યુ હતુ ધાનેરા તાલુકામાં પાણી ના તળ ઉંડા જતા મોટા ભાગના લોકો પશુપાલન ઉપર નિર્ભર છે. અને સમગ્ર રાજ્યમાં ધાનેરા તાલુકો દુધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે રહેલ છે. હાલમાં વાત કરવામાં આવે તો તાલુકાના મગરાવા ગામે રહેતા પ્રકાશભાઈ તળસાભાઈ પટેલ પોતાના પરીવાર સાથે ખેરતમાં રહીને મોટા પ્રમાણમાં પશુપાલન રાખીને પોતાનુ ગુજરાન ચલાવી રહ્યા છે. પ્રકાસભાઈ પટેલ ને ત્યાં સવારે પોતાના પસુઓને રાત્રે પલાળવામાં આવેલ ખાંણ મુકીને પશુઓને દોહવામાં આવ્યા હતા અને ત્યાર પછી અચાનક એક એક કરીતે તે ખાંણ ખાનાર પસુઓ જમીન ઉપર પડવા લાગતા પ્રકાસભાઈ દ્વારા તાત્કાલીક બનાસડેરીના ડોક્ટરો તેમજ સરકારી ડોક્ટરોને ફોન કર્યા હતા. જેથી બનાસડેરીના ડોક્ટર આવી પહાંચ્યા હતા અને સારવાર હાથ ધરી હતી પરંતુ તે ખાંણ ખાનાર તમામ પસુઓ મોતને ભેટયા હતા. જેથી આ ખેડુત ઉપર જાણે આભ ટુટી પડ્યુ હોય તેમ હુસકે હુસકે તમામ પરીવાર જનો રડવા લાગ્યા હતા અને આ ઘટનાની જાણ થતાં મગરાવા ડેલીકેટ નારણભાઈ ચૌધરી તથા અન્ય લોકો પણ આવ્યા હતા. તેમજ બનાસડેરીના આવેલ ડોક્ટર દ્વારા પોતાની ટીમના અધિકારીને જાણ કરતાં તેઓ પણ પોતાની ટીમ સાથે આવ્યા હતા અને તાલુકા વિકાસ અધિકારી પણ સરકારી ડોક્ટરોની ટીમ સાથે પહાંચ્યા હતા. અને જે દાણ આ પસુઓને આપવામાં આવેલ તે દાણના સેમ્પલ પણ લેવાયા હતા.મારા પાસે ૨૦ જેટલા નાના મોટા પસુઓ હતા જેમાં ના જે દુધ આપતા હતા તેવા પાંચ ભેસ તથા ત્રણ શંકર ગાય અને એક દેસી ગાય સાથે બે નાના પસુઓ હતા. અને તેમને સવારે દોહવા માટે ખાંણ મુકવામાં આવેલ અને આ ખાંણ ખાધા પછી ટપોટપ તેમના મોત નિપજ્યા હતા અને તેમાં એક દેસી ગાય એ આ ખાંણ ન ખાતાં તે બચી જવા પામી છે. જ્યારે અન્ય પસુઓ મોતને ભેટ્યા છે. આ પસુઓને ખાંણમાં ચુરી, મકાઈ દાણ અને પાપડી નાંખવામાં આવી હતી.ધાનેરા તાલુકો પશુપાલન ઉપર નિર્ભર છે અને આ ખેડુતને તમામ પશુઓ મરી જતાં અંદાજે ૫ લાખથી વધારે નુકસાન થવા પામેલ છે. અને તેના કારણે તેની હાલત દયનિય બની જવા પામી છે. આ ખેડુતને સરકાર દ્વારા તથા બનાસડેરી દ્વારા સહાય આપવામાં આવે તો આ ખેડુત ફરીથી ઉભો થઈ શકે તેમ છે. અને અમાં પણ આ ખેડુતને સહાય મળે તે માટે રજુઆત કરીશ

### સર પી.ટી સાયન્સ કોલેજ,

# મોડાસામાં બાયડ ના શિક્ષક ધ્વારા કોરોને લગતા સેનેટાઈઝર બે પ્રોજેક્ટ રજુ થયા



મોટી ઈસરોલ, તા.૨૭

મ.લા.ગાંધી ઉ.કે.મંડળ સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજ,મોડાસામાં સરકારશ્રીએ વિધ્યાર્થીઓ ઈનોવેશનથી ઉધ્યોગ સાહસિક બની શકે તે માટે ઈન્ક્યુબેશન સેન્ટરની મંજુરી આપેલ છે. વિધ્યાર્થીઓમાં ઉધ્યોગ સાહસિક્તા વિકસે તથા તેનામાં રહેલી ક્રિએટીવીટીનું ડેવલોપમેન્ટ થઈ શકે તે માટે આ ઈન્ક્યુબેશન સેન્ટરમાં પ્રોજેક્ટ માટે જરુરી માર્ગદર્શન તથા આર્થિક સહાય પુરી પાડવામાં આવે છે.

હાલ સેન્ટરમાં કુલ ૧૬ પ્રોજેક્ટ કાર્યરત છે અને નજીકના ભવિષ્યમાં કેટલાક પ્રોજેક્ટ પેટન્ટ પુર્ણ કરશે. હાલ ઈન્ક્યુબેશન સેન્ટરમાં શિક્ષક મિત્રો પણ પોતાની આગવી સુઝથી નવિનતમ પ્રોજેક્ટ રજુ કરી સમાજને કઈક નવું આપવાની ખેવના ધરાવે છે. જિલ્લા લોક વિજ્ઞાનની પ્રેરણાથી બાયડ તાલુકાના ફ્તેપુરા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી દેવેન્દ્રભાઈ પટેલે યુવીસી મશીનના અલ્ટ્રાવાયોલેટ તરંગોથી વસ્તુઓને જીવાણુ મુક્ત કરી શકાય તથા સેનેટાઈઝર ટ્રે થી શુઝ અને ચંપલ ને સેનેટાઈઝ કરવાના બે નવીનતમ પ્રોજેક્ટ રજુ કરેલ જેને જીજીૈ કમિટીએ મંજુર કરેલ તથા શ્રી દેવેન્દ્ર પટેલને આર્થિક સહાયનો ચેક મંડળના મંત્રીશ્રી સુરેન્દ્રભાઈ શાહ, પ્રિ.ડૉ.કે.પી.પટેલ, કો-ઓર્ડીનેટર પ્રો.વેકરીયા તથા ડૉ.સંજય વેદિયાની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો. પ્રોજેક્ટ પેટન્ટ સુધી પહોચે તે માટે ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા જરુરી માર્ગદર્શન પુરી પાડવામાં આવશે.સાયન્સ કોલેજ મોડાસાના ઈન્ક્યુબેશન સેન્ટરમાં થઈ રહેલ નાવિન્ય સભર કાર્ય માટે મંડળના પ્રમુખશ્રી નવિનચંદ્ર આર.મોદી તથા મંત્રી શ્રી સુરેન્દ્રભાઈ શાહ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે. ગુજ કોસ્ટના મેમ્બર સેક્રેટરીશ્રી નરોત્તમ શાહુ દ્વારા શ્રી દેવેન્દ્ર પટેલ ને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# માણાવદરની વીજકચેરીની ફોલ્ટ ઓફિસ ખસેડવા સામે વીજકર્મીઓમાં નારાજગી

(જીજ્ઞેશપટેલ દ્વારા )

ગુજરાતભરમાં જેમની કામગીરી અત્યંત સંવેદનશીલ અને હકારાત્મક ગણાવાઇ છે તેવી માણાવદર ની વીજ કચેરી જનતામાં પણ વખણાઇ રહી છે. માણાવદર ની આ વીજકચેરી ઈનામનેપાત્ર હોવા છતા તાજેતરમાં જ તેની વીજ ફોલ્ટ ઓફિસ અન્યત્ર સ્થળે ખસેડવાના સમાચાર થી વીજકર્મીઓમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

આ અંગે માણાવદર સબ ડિવિઝન એક ના કાર્યરત લાઇન કર્મચારી તથા ટેકનીકલ કર્મચારીઓએ પોતાની નારાજગી દર્શાવતુ એક આવેદનપત્ર નાયબ ઈજનેર ડી.એન. રૂપારેલીયા તથા કાર્યપાલક ઈજનેર જૂનાગઢ ને મોકલી જણાવેલ છે કે આ કચેરીની ફોલ્ટ ઓફિસ જેટકો દ્વારા અન્ય સ્થળે ખસેડવાની પ્રક્રિયા ચાલું થઇ ગઇ છે.

હાલમાં જે જગ્યાએ ફોલ્ટ ઓફિસ અને સ્ટોર છે ત્યાં બાજુમાં બધાજ ફિડર અર્બન તથા જે.જી.વાય.ફિડરો ત્યાંથી જ પસાર થતા હોય અને કાંઇ પણ આકસ્મિક ફોલ્ટ થાય તો તરત જ ફોલ્ટ ઓફિસમાં બેઠેલા ઓપરેટર ને ખ્યાલ આવી જાય છે અને તે ફિડર ને બંધ કરી અકસ્માત થતો નિવારી શકે છે. આ ઓફિસ ની બાજુમાં જ સબસ્ટેશન આવેલ હોય જેથી તેમની સાથે સીધો જ સંપર્ક થઇ શકે વળી આ ઓફિસ જયા ખસેડવાની છે ત્યાં સબ ડિવિઝન બે ની ઓફીસ પણ છે અને પૂરતી જગ્યા ન હોય વળી વીજબીલ ભરવા ગ્રાહકોના જમાવડો થતો હોવાથી ગીચતા વધી જવાથી પણ પરેશાની થઈ પડે તેમ હોવાથી આ ઓફિસ તથા સ્ટોર ખસેડવો યોગ્ય નથી અને જો ખસેડવામાં આવશે તો આંદોલન ના મંડાણ થશે તેમ જણાવ્યું છે

અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

### ટીટોઇ કોઠારી હાઈસ્કૂલના

# ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના ચેરમેનપદે સુ.વા.બીપીનભાઈ શાહની સર્વાનુમતે વરણી



મોટી ઈસરોલ, તા.૨૭

પી.એમ કોઠારી હાઈસ્કુલ ટિંટોઈના સુપરવાઈઝરશ્રી બિપીનભાઈ શાહ ની આજરોજ શ્રી પી.એમ.કોઠારી હાઈસ્કુલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી; ટિંટોઈ ની આજરોજ મળેલ કારોબારી મિટિંગમાં ચેરમેન પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી.

શ્રી ટિંટોઈ એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી પ્રહલાદસિંહ ચંપાવત એ ધ્વનિ સંદેશ પાઠવી અભિનંદન પાઠવ્યા હતા. આચાર્યશ્રી વિજયકુમાર ભટ્ટ એ અભિનંદન પાઠવ્યા હતા. મંડળીના કારોબારી હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓએ ધ્વનિ સંદેશ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.